dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -09 | Issue- 144 | AD - 2026, Fagan Sud - 13 | Sunday, Dt. 01-03-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ઇરાને ઇઝરાયલ અને દુબઇ પર ૪૦૦ મિસાઇલો છોડી

# અમેરિકા અને ઈઝરાયલનો ઈરાન પર મિસાઈલ હુમલો

**એર ઈન્ડિયા સહિત અનેક આંતરરાષ્ટ્રીય એરલાઈન્સે આ વિસ્તાર પરથી ઉડાન ભરવાનું ટાળ્યું**

તેહરાન,તા.૨૮

અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચેના તણાવની વચ્ચે હવે મધ્ય પૂર્વ (મિડલ ઈસ્ટ)માં સ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે. અમેરિકા અને ઈઝરાયલે સંયુક્ત રીતે ઈરાનની રાજધાની તેહરાન સહિત અનેક શહેરો પર ભીષણ હુમલા શરૂ કર્યા છે. આ ઓપરેશનમાં ૩૦થી વધુ વ્યૂહાત્મક સ્થળોને નિશાન બનાવવામાં આવ્યા હોવાના અહેવાલ છે, જેના કારણે સમગ્ર ક્ષેત્રમાં ત્રીજા વિશ્વયુદ્ધ જેવો ભય પેદા થયો છે. તાજેતરના અહેવાલો અનુસાર, તેહરાનના મધ્ય ભાગમાં જોરદાર વિસ્ફોટો સંભળાયા હતા અને આકાશમાં કાળો ધુમાડો છવાઈ ગયો હતો. ઈઝરાયલી વાયુસેનાએ આ હુમલાના વીડિયો ફૂટેજ જાહેર કરતા પુષ્ટિ કરી છે કે તેઓએ ઈરાનના સૈન્ય મથકો અને પરમાણુ સંવર્ધન કેન્દ્રોને નિશાન બનાવ્યા છે. એપી (AP) ના અહેવાલ મુજબ, ઈરાની નેતા અલી ખોમેનેઈના કાર્યાલય નજીક પણ બોમ્બમારો કરવામાં આવ્યો હતો, જોકે તેમને અગાઉ જ સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.



અમેરિકી સૈન્યએ ઈરાનને ચારે બાજુથી ઘેરી લીધું છે.હુમલાના જવાબમાં ઈરાને પણ 'આર યા પાર' ની લડાઈ શરૂ કરી છે. ઈરાને ઈઝરાયલ પર અંદાજે ૭૦થી વધુ બેલેસ્ટિક મિસાઈલો છોડી છે. એટલું જ નહીં, ઈરાને બહેરિનમાં આવેલા યુએસ નેવલ બેઝ પર પણ હુમલા કર્યાના અહેવાલ છે. ઈરાન સમર્થિત યમનના હૂતી બાગીઓ અને લેબનોનના હિઝબુલ્લાહ જૂથોએ પણ આ યુદ્ધમાં ઝંપલાવ્યું છે, જેના કારણે લાલ સાગરમાં નૌકા માર્ગો જોખમમાં મુકાયા છે.

રશિયાએ આ હુમલાની સખત નિંદા કરી છે અને અમેરિકા પર પ્રહાર કરતા કહ્યું છે કે શાંતિના દૂત કહેવાતા ટ્રમ્પનો અસલી ચહેરો સામે આવી ગયો છે. ભારત અને બ્રિટન, ચીન અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોએ પોતાના નાગરિકો માટે ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરી છે. બ્રિટને તેહરાન સ્થિત પોતાનું દૂતાવાસ અસ્થાયી રૂપે બંધ કર્યું છે. એર ઈન્ડિયા સહિત અનેક આંતરરાષ્ટ્રીય એરલાઈન્સે આ વિસ્તાર પરથી ઉડાન ભરવાનું ટાળ્યું છે અને ફ્લાઈટ્સ ડાયવર્ટ કરી છે. ઈરાને ઈઝરાયલ પર આશરે ૪૦૦ મિસાઈલો છોડ્યા અને કતાર, કુવૈત, જોર્ડન, બહેરીન, સાઉદી અરેબિયા અને UAEમાં યુએસ બેઝને નિશાન બનાવ્યા. વધુમાં, ઈરાને UAEના સૌથી વધુ વસ્તી ધરાવતા શહેર દુબઈ પર પણ હુમલો કર્યો.

### અમેરિકાએ કરેલા હુમલામાં ઈરાનના ૮૫ વિદ્યાર્થીઓના મોત,ઈરાને ૭ દેશો પર હુમલો કર્યો

શનિવારે સવારે ઈઝરાયલે ઈરાનની રાજધાની તેહરાન સહિત અનેક શહેરો પર હવાઈ હુમલા કર્યા હતા. IRNA ન્યૂઝ એજન્સી અનુસાર દક્ષિણ ઈરાનમાં થયેલા હુમલાઓમાં ૮૫ વિદ્યાર્થિનીઓનાં મોત થયા હતા અને ૪૫ ઘાયલ છે. ઈરાને પોતાના પર થયેલા હુમલાઓનો વળતો પ્રહાર શરૂ કરી દીધો છે. ઈરાને કતાર, બહેરીન અને કુવૈત જેવા સાત દેશો પર હુમલો કર્યો છે. ઈરાન આ દેશોમાં અમેરિકાના બેઝને નિશાન બનાવી રહ્યું છે. ઈરાને જે દેશોને નિશાન બનાવ્યા છે તેમાં કતાર, બહેરીન, કુવૈત, સાઉદી, જોર્ડન અને અબુ ધાબીનો સમાવેશ થાય છે.

### બહેરીન ચિંતા કરવા જેવું કંઈ જ નથી : અતુલ ભટ્ટી

બગસરાના અતુલ હરિભાઈ ભટ્ટી નામના યુવાન છેલ્લા ઘણા વર્ષોથી ગોલ્ડના વ્યવસાય સાથે બહેરીનમાં સ્થાયી થયા છે. તેઓ પોતાના પરિવાર સાથે બહેરીનની રાજધાની મનામા શહેરમાં



રહે છે તેણે સંજોગ ન્યુઝ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ઈરાને જે બેલેસ્ટિક મિસાઈલ છોડી છે તે અમેરિકાના એરબેઝ પર છોડી છે જેને કારણે સામાન્ય નાગરિકને કઈ જ પ્રકારની નુકસાની થવા પામી નથી. તમામ લોકો અહીં સુરક્ષિત છે ચિંતા કરવાની કોઈ જ જરૂર નથી.

# કેનેડાના પીએમ માર્ક કાર્ની ચાર દિવસની ભારત યાત્રાએ

ન્યૂ દિલ્હી,તા.૨૮

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની આજથી તેમની ચાર દિવસની ભારત યાત્રાએ આવી પહોંચ્યા છે જે બંને દેશોના રાજદ્વારી અને આર્થિક સંબંધો માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. વડાપ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળ્યા બાદ કાર્નીની આ પ્રથમ ભારત મુલાકાત છે જેનો મુખ્ય ઉદ્દેશ્ય દ્વિપક્ષીય વ્યાપાર, ઊર્જા સુરક્ષા અને સંરક્ષણ ક્ષેત્રે સહયોગ વધારવાનો છે. ખાસ કરીને છેલ્લા કેટલાક સમયથી બંને દેશો વચ્ચે જે



રાજકીય તણાવ જોવા મળ્યો હતો તેને દૂર કરીને આર્થિક ભાગીદારીને પ્રાથમિકતા આપવાની દિશામાં આ એક મોટું પગલું છે. કેનેડા હવે ભારત પર અગાઉ લગાવવામાં આવેલા ગંભીર આરોપો પરથી પીછેહઠ કરતું જણાય છે જે તેની બદલાયેલી વિદેશ નીતિનો સંકેત આપે છે.આ મુલાકાત દરમિયાન માર્ક કાર્ની મુંબઈમાં ભારતના અગ્રણી બિઝનેસ લીડર્સ સાથે બેઠક યોજશે જ્યાં તેઓ કેનેડામાં રોકાણને પ્રોત્સાહન આપવા પર ચર્ચા કરશે. આ પ્રવાસના એજન્ડામાં ક્લીન એનર્જી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ જેવા આધુનિક ક્ષેત્રોમાં રોકાણની શક્યતાઓ તપાસવાનો સમાવેશ થાય છે. સૌથી મહત્વની વાત એ છે કે લાંબા સમયથી અટકેલા કોમ્પ્રિહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશિપ એગ્રીમેન્ટ (CEPA) પર ફરીથી વાટાઘાટો શરૂ કરવા માટે કેનેડા આતુર છે. ૨ માર્ચના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની બેઠકમાં સુરક્ષા અને સંરક્ષણ સહયોગને વધુ મજબૂત કરવાના લક્ષ્ય સાથે વેપારને બમણો કરવાની વ્યૂહરચના તૈયાર કરવામાં આવશે. વડાપ્રધાન કાર્નીએ સ્પષ્ટ કર્યું છે કે ભૂતકાળના રાજકીય મતભેદો છતાં કેનેડા ભારતની આર્થિક પ્રગતિમાં એક ભરોસાપાત્ર ભાગીદાર બનીને રહેવા માંગે છે.

# પીએમ મોદીએ અજમેરમાં વિકાસકાર્યોની ભેટ

અજમેર,તા.૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે અજમેરની મુલાકાત લઈને રાજસ્થાનને અંદાજે રૂ.૧૬,૬૦૦ કરોડના વિકાસકાર્યોની ભેટ ધરી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે દીકરીઓમાં સર્વાઈકલ કેન્સર અટકાવવા માટેના મહત્વકાંક્ષી રસીકરણ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. વિકાસની ગતિને વેગ આપતા વડાપ્રધાને વિવિધ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરવાની સાથે ૨૧,૮૦૦ યુવાનોને



સરકારી નિમણૂક પત્રો પણ એનાયત કર્યા હતા. આ પ્રસંગે આયોજિત એક વિશાળ જનસભાને સંબોધતા વડાપ્રધાને કોંગ્રેસ પક્ષ પર આકરા રાજકીય પ્રહારો કર્યા હતા.વડાપ્રધાને જણાવ્યું હતું કે દેશને બદનામ કરવો એ કોંગ્રેસની જૂની આદત રહી છે. તેમણે આક્ષેપ કર્યો કે કોંગ્રેસ દેશના સૈનિકો અને સેનાના ગૌરવને ઠેસ પહોંચાડવાની તક શોધતી હોય છે. ભૂતકાળને યાદ અપાવતા તેમણે કહ્યું કે કોંગ્રેસે સૈનિકોને શસ્ત્રો અને વર્દીથી વંચિત રાખ્યા હતા અને વર્ષો સુધી 'વન રેન્ક, વન પેન્શન'ની માંગણી પૂરી કરી ન હતી. મોદીએ કટાક્ષ કરતા ઉમેર્યું કે સતત હારથી નિરાશ થયેલી કોંગ્રેસ હવે 'ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ' મટીને 'મુસ્લિમ લીગ-માઓવાદી કોંગ્રેસ' (MMC) બની ગઈ છે.




### વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે આસપાસના ગામોમાં પણ સંભળાયો

# આંધ્રપ્રદેશના કાકીનાડામાં ફટાકડાના એકમમાં પ્રચંડ વિસ્ફોટ : ૧૮ના મોત


કાકીનાડા,તા.૨૮

આંધ્રપ્રદેશના કાકીનાડા જિલ્લામાં શનિવારનો દિવસ અત્યંત દુખદ સાબિત થયો છે, જ્યાં વેટલાપલેમ ગામમાં આવેલા એક ફટાકડા ઉત્પાદન એકમમાં ભીષણ વિસ્ફોટ થતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ કમનસીબ ઘટનામાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧૮ શ્રમિકોના કરુણ મોત નિપજ્યા હોવાની પુષ્ટિ થઈ છે. જ્યારે વિસ્ફોટ થયો ત્યારે તે સમયે ફેક્ટરી પરિસરમાં આશરે ૨૦ જેટલા કર્મચારીઓ પોતાની ફરજ બજાવી રહ્યા હતા, જેમાંથી મોટાભાગના લોકો આ અકસ્માતનો ભોગ બન્યા છે. વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે તેનો અવાજ આસપાસના ગામોમાં પણ સંભળાયો હતો અને ફેક્ટરીની ઈમારતને ભારે નુકસાન પહોંચ્યું છે.

આ ઘટનાની ગંભીરતાને જોતા રાજ્યના ગૃહમંત્રી વંગાલપુડી અનિતાએ તાત્કાલિક પ્રતિક્રિયા આપતા જણાવ્યું છે કે મૃત્યુઆંક હજુ પણ વધી શકે તેવી આશંકા



છે. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા ઈજાગ્રસ્તો પૈકી કેટલાકની હાલત અત્યંત નાજુક હોવાથી તબીબો દ્વારા તેમને બચાવવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તમામ ઈજાગ્રસ્તોને શ્રેષ્ઠ સારવાર મળી રહે તે માટે નજીકની સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે. વહીવટીતંત્ર દ્વારા રાહત અને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચલાવવામાં આવી રહી છે જેથી કાટમાળ નીચે ફસાયેલા કોઈ પણ વ્યક્તિને વહેલી તકે બહાર કાઢી શકાય.મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ આ દુર્ઘટના પર ઘેરો શોક વ્યક્ત કરતા મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના પ્રગટ કરી છે. તેમણે ઉચ્ચ સ્તરીય તપાસના આદેશો આપવાની સાથે સંબંધિત મંત્રીઓ અને વરિષ્ઠ વહીવટી અધિકારીઓને વ્યક્તિગત રીતે ઘટનાસ્થળની મુલાકાત લેવા અને પરિસ્થિતિનું સતત નિરીક્ષણ કરવા સૂચના આપી છે. મુખ્યમંત્રીએ ખાતરી આપી છે કે સરકાર પીડિત પરિવારોની પડખે છે અને તેમને શક્ય તમામ સહાય પૂરી પાડવામાં આવશે. હાલમાં ફોરેન્સિક ટીમ અને ફાયર વિભાગ દ્વારા વિસ્ફોટના ચોક્કસ કારણો જાણવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે.




# બાબા બાગેશ્વર ટૂંક સમયમાં કરશે લગ્ન, માતાને સોંપી છોકરી શોધવાની જવાબદારી

છતરપુર, તા.૨૮

બાગેશ્વર ધામના પંડિત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ પોતે લગ્ન કરવાની સત્તાવાર જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું કે ગુરુજીની પરવાનગી મળી ગઈ છે અને તેમણે પોતાની માતાને યોગ્ય કન્યા શોધવા માટે કહી દીધું છે.

લગ્ન માતાની પસંદગી મુજબ જ થશે. ધીરેન્દ્ર શાસ્ત્રીએ સ્પષ્ટ કર્યું કે તેઓ ટૂંક સમયમાં લગ્નગ્રંથિથી જોડાશે અને ભક્તોને સારા સમાચાર



આપશે. હાલમાં તેઓ ૨૧ દિવસ માટે બદ્રીનાથમાં સાધના કરવા જઈ રહ્યા છે. અગાઉ પણ તેમના લગ્ન અંગે અનેક અટકળો વહેતી થઈ હતી, જેનો હવે અંત આવ્યો છે.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
રવિવાર, તા.૦૧-૦૩-૨૦૨૬

# અમરેલી શહેરમાં રૂ.૨૬૭.૪૫ લાખના ખર્ચે આજે ત્રિવિધ કાર્યક્રમ

**કાર્યક્રમમના અધ્યક્ષ રાજયમંત્રી કૌશિક વેકરીયા હાજર રહેશે, સાંસદ ભરત સુતરીયાના હસ્તે ખાતમુહૂર્ત કરાશે**

અમરેલી,તા.૨૮

અમરેલી નગરપાલિકા દ્વારા શહેરમાં આધુનિક સુવિધાઓ અને માળખાગત વિકાસને વેગ આપવા માટે તા.૧ માર્ચને રવિવારના રોજ 'ત્રિવિધ ખાતમુહૂર્ત કાર્યક્રમ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત અંદાજે રૂ. ૨૬૭.૪૫ લાખના વિવિધ વિકાસકામોની ભેટ શહેરને ધરવામાં આવશે. આ કાર્યક્રમમાં રાજ્યના કાયદા અને ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયા અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહેશે. ખાતમુહૂર્ત વિધિ અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયાના હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે BAPS સ્વામિનારાયણ મંદિરના સંતોના આશીર્વચન પણ પ્રાપ્ત થશે.આ ખાતમુહૂર્ત પ્રસંગે કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી ખાસ હાજર રહેશે. જયારે અતિથી વિશેષ તરીકે પી.પી.સોજીત્રા, જિલ્લા ભાજપ મહામંત્રી રાજુભાઈ ભુતૈયા, મયુરભાઈ માંજરીયા, ચેતનભાઈ શિયાળ શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ ચોટલીયા હાજર રહેશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા પાલિકા પ્રમુખ બીપીનભાઈ લીંબાણી, ઉપપ્રમુખ બિનાબેન વી.કાલેણા, મનિષભાઈ ધરજીયા, ચીફ ઓફિસર વી.જી.રાઠોડે આમંત્રણ પાઠવ્યું છે.

# બાબરા-અમરાપરા વચ્ચેના વોકળાથી રહીશો ત્રાહિમામ, પાઈપલાઈન અને રોડ બનાવવા માગણી

બાબરા,તા.૨૮


તસવીર : વિજય માળી

બાબરા તથા અમરાપરા વિસ્તારના રહીશો ચોમાસાના પાણી અને ગટર ઊભરાવાની સમસ્યાથી અમરાપરામાંથી વિવેકાનંદ સ્કૂલે જવાના રસ્તો ભારે મુશ્કેલીકારક બન્યો છે. વિવેકાનંદ સ્કૂલ પાસે, દરજી જ્ઞાતિની વાડીની સામે પાઈપલાઈન તેમજ ઉપર રોડ ઉપર ખાસ ધ્યાન આપવું જરૂરી છે. બાબરા વિસ્તાર નગરપાલિકા હેઠળ આવે છે, જ્યારે અમરાપરા ગ્રામ પંચાયત હેઠળ હોવાથી બંને વિસ્તારો વચ્ચે આવેલા વોકળાને કારણે વર્ષોથી મુશ્કેલી યથાવત છે. સ્થાનિક રહીશો કહે છે કે વરસાદી પાણી અને ગટરનું ગંદુ પાણી ભરાઈ રહેતાં મચ્છરજન્ય રોગચાળો ફેલાવાનો ભય પણ વધી રહ્યો છે. અનેક વખત રજૂઆતો છતાં સમસ્યાનું સ્થાયી નિરાકરણ ન આવતા લોકોમાં રોષ વ્યાપ્યો છે. આ મામલે રાજુભાઈ રાઘવભાઈ તાવેથીયાએ ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી તાત્કાલિક પગલાં લેવા માંગ કરી છે.

# રાજુલામાં મારુતિધામ ખાતે સ્વદેશી મેલો-શોપિંગ ફેસ્ટિવલ ૨૦૨૬નો પ્રારંભ

**વિવિધ સ્વદેશી વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ કરાશે**

રાજુલા,તા.૨૮

રાજુલામાં નગરપાલિકા દ્વારા ગુજરાત સરકારના શહેરી વિકાસ વર્ષ નિમિત્તે "સ્વદેશી મેલો - શોપિંગ ફેસ્ટિવલ ૨૦૨૬"નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્વદેશી મેળાનો તા. ૨૭ ફેબ્રુઆરીથી પ્રારંભ થયો છે અને ૦૮ માર્ચ સુધી મારુતિધામ મંદિર, તળાવ પાસે, રાજુલા ખાતે યોજાશે. આ મેળામાં મહિલા સ્વસહાય જૂથો તથા અન્ય બહેનો દ્વારા "વોકલ ફોર લોકલ" અભિયાન અંતર્ગત તૈયાર કરવામાં આવેલી વિવિધ સ્વદેશી વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ કરાશે. સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન મળે અને નાના ઉદ્યોગોને બજાર મળે તે હેતુસર આ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

# જાફરાબાદ પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક મળી

જાફરાબાદ,તા.૨૮


તસવીર : બાબુ વાઢેળ

જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશન ખાતે આગામી પવિત્ર તહેવારો હોળી, ધૂળેટી અને રમજાન માસને ધ્યાનમાં રાખીને એક મહત્વપૂર્ણ શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠક ટાઉન પીઆઈ ભાઈકન અને પીઆઈ મારુના અધ્યક્ષસ્થાને સંપન્ન થઈ હતી. બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય નગરના તમામ તહેવારો શાંતિપૂર્ણ, સૌહાર્દપૂર્ણ અને ભાઈચારાના વાતાવરણમાં ઉજવાય તે સુનિશ્ચિત કરવાનો હતો. આ તકે પોલીસ અધિકારીઓએ ઉપસ્થિત તમામ આગેવાનો સાથે વિગતવાર ચર્ચા કરીને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી.આ બેઠકમાં જાફરાબાદના પ્રતિષ્ઠિત વેપારીઓ, વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, આરએસએસના સભ્યો સહિત વિવિધ સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પીઆઈ દ્વારા ખાસ ભારપૂર્વક જણાવવામાં આવ્યું હતું કે હોળી અને ધૂળેટીના તહેવારો દરમિયાન દરેક સમાજે પરસ્પર મર્યાદા જાળવીને એકતા સાથે ઉજવણી કરવી જોઈએ. તમામ સમાજના આગેવાનોએ પણ પોલીસ તંત્રને પૂરતો સહકાર આપવાની ખાતરી આપી હતી અને સૌએ સાથે મળીને કોમી એકતા જાળવવાનો સંકલ્પ કર્યો હતો.

# લાઠીમાં બંધ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ શરૂ કરવા મંત્રી કૌશિક વેકરીયાને રજૂઆત

લાઠી,તા.૨૮



લાઠી શહેર ભાજપ પ્રમુખ ધર્મેશ સોની દ્વારા ઊર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયાને લેખિત રજૂઆત કરવામાં આવી છે. લાઠી શહેરની વધતી વસતિ અને દૈનિક પાણીની માંગને ધ્યાને લેતા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ શરૂ કરવો અત્યંત આવશ્યક બની ગયો છે. પ્લાન્ટ કાર્યરત થવાથી નાગરિકોને શુદ્ધ અને સલામત પીવાનું પાણી મળશે તેમજ આરોગ્ય સંબંધિત સમસ્યાઓમાં ઘટાડો થશે. આ અંગે ધર્મેશ સોનીએ જણાવ્યું કે લાઠી શહેરના સર્વાંગી વિકાસ અને જનહિત માટે રાજ્ય સરકાર દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવે તેવી શહેરવાસીઓની માંગ છે.

# રાજુલા ગેંગરેપ કેસનો ચુકાદો : ચાર નરાધમોને ૨૦ વર્ષની સખત કેદની સજા

**પીડિતાને રૂ.બે લાખનું વળતર ચુકવવાનો આદેશ કરાયો**

રાજુલા,તા.૨૮

રાજુલા પંથકમાં વર્ષ ૨૦૨૨માં બનેલી અત્યંત ચકચારી ગેંગરેપની ઘટનામાં રાજુલા એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. આ કેસમાં સંડોવાયેલા ચાર આરોપીઓ સુરેશ વાળા, ગોપાલ બાળધીયા, પ્રકાશ સાંખટ અને હિતેષ વાળાને ન્યાયાધીશ ડી.સી. ત્રિવેદીએ ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આ નરાધમોએ સગીરાનો અશ્લીલ વીડિયો બનાવી તેને વાયરલ કરવાની ધમકી આપી ચાર વર્ષ સુધી સતત દુષ્કર્મ આચર્યું હતું. મુખ્ય સજા ઉપરાંત આઈટી એક્ટની વિવિધ કલમો હેઠળ પણ દંડ અને કેદની સજા ફટકારવામાં આવી છે. કોર્ટે ભોગ બનનાર પીડિતાને ૨ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો માનવીય આદેશ પણ આપ્યો છે. ડુંગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી આ ફરિયાદ બાદ લાંબી કાનૂની લડતનો અંત આવ્યો છે અને પીડિત પરિવારને ન્યાય મળતા સમગ્ર પંથકમાં આ ચુકાદાની સરાહના થઈ રહી છે.

# રાજુલા પોલીસે પોક્સો એક્ટના ગૂનાનો ફરાર આરોપી ઝડપી પાડ્યો

અમરેલી,તા.૨૮



રાજુલા પોલીસે પોક્સો એક્ટ હેઠળના ગુનામાં ફરાર આરોપીને ઝડપી પાડ્યો છે. મદદનીશ પોલીસ અધિક્ષક જયવીર ગઢવીના માર્ગદર્શન હેઠળ પી.આઈ. વી.એમ. કોલાદરાની ટીમે ટેકનિકલ અને હ્યુમન સોર્સની મદદથી તપાસ હાથ ધરી હતી. આ કાર્યવાહીના અંતે પોલીસે આરોપી પ્રતાપ ગુજરીયાને ભોગ બનનાર સાથે વાપી-વલસાડ ખાતેથી શોધી કાઢીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લાઠી પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક મળી

અમરેલી,તા.૨૮



અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતની સૂચનાથી લાઠી પોલીસ મથકે પી.આઈ. એસ.એમ. સોનીની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની મહત્વની બેઠક યોજાઈ હતી. આગામી હોળી, ધૂળેટી અને રમઝાન જેવા પવિત્ર તહેવારો શાંતિપૂર્ણ અને સુમેળભર્યા વાતાવરણમાં સંપન્ન થાય તેવો મુખ્ય ઉદ્દેશ્ય આ બેઠકનો રહ્યો હતો. જેમાં સ્થાનિક અગ્રણીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. જિલ્લા પોલીસ તંત્ર દ્વારા હિન્દુ-મુસ્લિમ બિરાદરો એકતા સાથે તહેવારોની ઉજવણી કરે તે માટે ચુસ્ત આયોજન કરવામાં આવ્યું છે.

# લીલીયા તાલુકાના ક્રાંકચ ગામે દાઉજી હવેલીમાં વ્રજના રસિયાની રમઝટ બોલી

**રસિયાના મધુર ગાનથી હવેલીના પટાંગણમાં ભક્તિ અને આનંદની હેલી ઉભરાઈ**

લીલીયા,તા.૨૮


તસવીર : બકુલ દવે

અમરેલીના ક્રાંકચ ગામમાં સ્થિત શ્રી દાઉજી હવેલી ખાતે તારીખ ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ પરંપરાગત વ્રજ ના રસિયાનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ પવિત્ર પ્રસંગ મુખિયાજી ધર્મેન્દ્રભાઈના કુશળ માર્ગદર્શન હેઠળ ખૂબ જ ભાવપૂર્વક સંપન્ન થયો હતો. આ મંગલમય આયોજનમાં ગામના યુવા સેવકો, ગોપામંડળ અને ગોપીમંડળની બહેનોએ ખંતપૂર્વક સેવા આપી હતી. રસિયાના મધુર ગાન અને સૌની સહિયારી સેવાના પ્રતાપે હવેલીના પટાંગણમાં ભક્તિ અને આનંદની હેલી ઉભરાઈ હતી જેનાથી સમગ્ર વાતાવરણ શ્રદ્ધાના રંગે રંગાઈ ગયું હતું.

# બાબરામાં વિરાટ હિન્દુ સંમેલન અને ભવ્ય શોભાયાત્રાનું આયોજન

બાબરા,તા.૨૮



તસવીર : દિપક કનૈયા

બાબરા શહેરમાં આજે સમસ્ત હિન્દુ સમાજ અને વિવિધ સંગઠનો દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જલારામ મંદિરથી પ્રારંભ થયેલી આ યાત્રામાં તાપડીયા આશ્રમના મહંત શ્રી ઘનશ્યામદાસ બાપુ સહિત અનેક સાધુ-સંતોની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. શહેરના વેપારીઓએ પોતાના ધંધા-રોજગાર સ્વયંભૂ બંધ રાખી આ આયોજનને અભૂતપૂર્વ સમર્થન આપ્યું હતું. આ પ્રસંગે હોરા સમાજ દ્વારા શરબતની વ્યવસ્થા કરીને ભાઈચારાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું. શોભાયાત્રા બાદ તાપડીયા આશ્રમ ખાતે આયોજિત વિરાટ ધર્મ સંમેલનમાં સંતોએ હિન્દુ સંસ્કૃતિ અને પરંપરાના જતન અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના અંતે હજારો ભક્તોએ સમૂહમાં મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો. બાબરાના ઈતિહાસમાં પ્રથમ વખત યોજાયેલા આ વિશાળ આયોજને સમગ્ર પંથકમાં ભક્તિમય અને સામાજિક એકતાનો અનોખો માહોલ સર્જ્યો હતો.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચક્કરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
શ્રી હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

# રાજુલા હાઈવે પર હિટ એન્ડ રન : વિક્ટર ગામના યુવાનનું કમકમાટીભર્યું મોત


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા,તા.૨૮

રાજુલા નજીક પસાર થતા ભાવનગર-સોમનાથ હાઈવે પર કાંધલી કૃપા હોટલ પાસે ગત રાત્રિના સમયે એક અત્યંત ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં હાઈવે પર ચાલીને જઈ રહેલા એક યુવાનને કોઈ અજાણ્યા વાહને જોરદાર ટક્કર મારી હતી, જેના કારણે તે યુવાનનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. મૃતક યુવાનની ઓળખ કમલેશ ભાણાભાઈ ગુજરીયા (ઉંમર વર્ષ ૩૫) તરીકે થઈ છે, જે રાજુલાના વિક્ટર ગામનો રહેવાસી હતો. અકસ્માતની જાણ થતા જ ૧૧૨ અને ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાપ્ત પ્રાથમિક વિગતો અનુસાર, યુવાન જ્યારે ગાળા જઈ રહ્યો હતો ત્યારે કાળમુખા વાહને તેને હડફેટે લીધો હતો અને ચાલક વાહન લઈને ફરાર થઈ ગયો હતો. આ ઘટનાને પગલે વિક્ટર ગામ સહિત સમગ્ર પંથકમાં ભારે શોકની લાગણી પ્રસરી ગઈ છે. હાલ પોલીસ દ્વારા આ અજાણ્યા વાહનચાલકને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

# અમરેલી જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને 'સમગ્ર શિક્ષા અભિયાન'ની સમીક્ષા બેઠક




અમરેલી,તા.૨૮

અમરેલી જિલ્લા પંચાયતના આરોગ્ય શાખા હોલ ખાતે જિલ્લા વિકાસ અધિકારી પી. બી. પંડ્યા ના અધ્યક્ષદે 'સમગ્ર શિક્ષા અભિયાન' અંતર્ગત જિલ્લા કક્ષાની મહત્વની સમીક્ષા અને કારોબારી સમિતિની બેઠક સંપન્ન થઈ હતી. બેઠક દરમિયાન વર્ષ ૨૦૨૫-૨૬ના વિવિધ રિપોર્ટ્સ રજૂ કરવામાં આવ્યા હતા, જેમાં કન્યા શિક્ષણ, ટ્રાન્સપોર્ટેશન સુવિધા, દિવ્યાંગ વિદ્યાર્થીઓને સહાય અને નવા વર્ગખંડો તેમજ શૌચાલય જેવા સિવિલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કામગીરીની વિગતવાર ચર્ચા થઈ હતી.

આ ઉપરાંત, 'આર આઈડી' અને ડ્રો આઉટ રેશિયો ઘટાડવા જેવી ડિજિટલ પહેલ પર ભાર મૂકવામાં આવ્યો હતો. નમો લક્ષ્મી અને નમો સરસ્વતી જેવી સરકારી યોજનાઓનો લાભ છેવાડાના વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા માટે વાલીઓમાં જાગતિ લાવવા પર વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. અંતમાં, અધ્યક્ષ જિલ્લામાં શિક્ષણનું સ્તર સુધારવા અને ભૌતિક સુવિધાઓ સમયસર પૂર્ણ કરવા કડક સૂચનાઓ આપી હતી.

## ખાંભાના મોટા સરાકડીયા ગામેથી યુવક જતો રહ્યો

ખાંભા, તા.૨૮

ખાંભાના મોટા સરાકડીયા ગામેથી યુવક કહ્યા વગર જતો રહ્યો હતો.કનુભાઇ ભુરાભાઇ ભુવા (ઉ.વ.૬૦) એ જાહેર કર્યા મુજબ, તેમનો મોટો દિકરો બાવભાઈ તા.૨૩/૦૨/૨૦૨૬ ના બપોરના આશરે ચારેક વાગ્યાના સમય દરમ્યાન ખાંભા ગામેથી કોઈને કહ્યા વગર ક્યાંક જતા રહ્યો હતો. આજદીન સુધી તપાસ કરવા છતાં મળી આવ્યો નથી.

## અમરેલીમાંથી પરપ્રાંતીય સગીરાને અજાણ્યો ઈસમ ભગાડી ગયો

અમરેલી, તા.૨૮

અમરેલીમાં રહેતી એક પરપ્રાંતીય સગીરાને અજાણ્યો ઈસમ ભગાડી ગયો હતો. બનાવ અંગે સગીરાના પિતાએ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રીને અજાણ્યો ઈસમ કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરીને લઈ ગયો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ પી જી ચોચા વધુ તપાસ કરી રહ્યા છે.

# ચલાલા પોલીસ સ્ટેશન ખાતે તહેવારને લઈ શાંતિ સમિતિની બેઠક યોજાઈ

**બેઠકમાં હિન્દુ-મુસ્લીમ સમાજના આગેવાનો હાજર રહ્યા**


તસવીર : દિપ કારીયા

ચલાલા,તા.૨૮

ચલાલા પોલીસ સ્ટેશન ખાતે આગામી વિત્ર તહેવારો નિમિત્તે શાંતિ સમિતિની બેઠક સંપન્ન થઈ હતી. ચલાલા પી.આઈ. રતન ગઢવીના અધ્યક્ષસ્થાને આ બેઠક યોજાઈ હતી, જેમાં આગામી રમજાન ઈદ અને હોળી-ધૂળેટીના તહેવારોને અનુલક્ષીને ચર્ચા કરવામાં આવી હતી.ભાઈચારા અને શાંતિૂર્ણ ઉજવણીનો સંકલ્પ આ બેઠકમાં હિંદુ અને મુસ્લિમ સમાજના વિવિધ આગેવાનો તેમજ સામાજિક અને રાજકીયક્ષેત્રના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પી.આઈ. ગઢવીએ જણાવ્યું હતું કે તહેવારોએ આપણી સંસ્કૃતિ અને રાષ્ટ્રીય એકતાનું પ્રતીક છે, તેથી બંને સમાજ પરસ્પર સૌહાર્દ અને ભાઈચારાથી તહેવારો ઉજવે તે અત્યંત આવશ્યક છે. તેમણે કાયદો અને વ્યવસ્થા જાળવવાની ખાતરી આપી હતી અને લોકોને કોઈપણ પ્રકારની અફવાઓથી દૂર રહેવા અપીલ કરી હતી.

## જાફરાબાદમાંથી પાંચ સહિત જિલ્લામાંથી ૧૧ પ્યાસી પકડાયા

અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી ૧૧ પ્યાસીને પકડીને ધોરણસરની કાર્યવાહી કરી હતી. જાફરાબાદમાંથી ૫, ડુંગર જુના બસ સ્ટેન્ડ, ઠવી, મોટા ઝીંઝુડા, સાવરકુંડલા, ધામેલ, અમરેલીમાંથી ૧-૧ મળી કુલ ૧૧ લોકો નશાયુક્ત હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા. જિલ્લામાં બે મહિલા પાસેથી ૪ લીટર સહિત કુલ ચાર લોકો પાસેથી ૭ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

## અમરેલીમાં ટ્રાફિકને અડચણરૂપ થતા ઈકો ચાલક સામે કાર્યવાહી

અમરેલી, તા.૨૮

અમરેલીમાંથી ટ્રાફિકને અડચણરૂપ થતાં બાબરાના ઈકો ચાલક સામે કાર્યવાહી કરી હતી. અમરેલી શહેરના નાગનાથ બસ સ્ટેન્ડ પાસે બાબરાના ઈકો ચાલક ઈસ્માઈલમીયા જલાલમીયા પીરજાદાએ તેની ઈકો કાર જાહેર રોડ પર ટ્રાફિકને અડચણરૂપ થાય તેમ રાખી હતી. જેથી તેની સામે કાર્યવાહી કરવામાં આવી હતી. આમ, પોલીસે અડચણરૂપ વાહનો સામે કાર્યવાહી કરતા વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો છે.

# મોટા લીલીયાની એકલેરા પ્રા.શાળા ખાતે કાવ્ય સંગીત સ્પર્ધાનું આયોજન

**ગુજરાત સાહિત્ય અકાદમી અને લોક સાહિત્ય સેતુ-અમરેલીનો સંયુક્ત ઉપક્રમે આયોજન થયું**



લીલીયા,તા.૨૮

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના અધ્યક્ષ ડૉ. ભાગ્યેશ જહાની પ્રેરણા અને ડૉ. જયેન્દ્રસિંહ જાદવના માર્ગદર્શન હેઠળ માતૃભાષા સપ્તાહની ઉજવણીના ભાગરૂપે એકલેરા પ્રાથમિક શાળા ખાતે 'કાવ્ય સંગીત' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનું ઉદઘાટન સરપંચ કુ. રાજેશ્વરીબેન રાજ્યગુરુ, જયેશભાઈ અને સંસ્થાના પ્રમુખ ઈતેશભાઈ મહેતાના હસ્તે કરવામાં આવ્યું હતું. ડૉ. ભાગ્યેશ જહા અને ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના શુભેચ્છા સંદેશ સાથે કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. ઈતેશભાઈ મહેતાએ માતૃભાષાનું મહત્વ સમજાવ્યું હતું. કલાકાર સંજય પંડ્યા, રમેશ જાદવ, ડૉ. જ્વલંત ત્રવાડી અને સાહિલ ગુજરાતીએ લોકગીત, બાલગીત અને ભજનની પ્રસ્તુતિ કરી હતી. સમગ્ર સંચાલન નરેશભાઈ રાજગુરુએ કર્યું હતું જ્યારે ભરતરાજ અને સુનિલભાઈ ઠાકોરે કાર્યક્રમને સફળ બનાવવામાં જહેમત ઉઠાવી હતી.

## બાબરાના જામબરવાળાની વી.એન.કલ્યાણ વિદ્યાલયના બાળકો સંજોગ ન્યૂઝની મુલાકાતે



અમરેલી,તા.૨૮

બાબરા તાલુકાના જામબરવાળા ગામમાં આવેલી વી.એન. કલ્યાણ વિદ્યાલયના ધોરણ-૯ ના વિદ્યાર્થીઓએ તાજેતરમાં એક શૈક્ષણિક પ્રવાસનું આયોજન કર્યું હતું. વોકેશનલ ટ્રેડ અંતર્ગત વિદ્યાર્થીઓએ 'સંજોગ ન્યૂઝ' કાર્યાલયની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ અખબાર બનવાની પ્રક્રિયાને નિહાળી હતી. સંસ્થાના રેસિડેન્ટ એડિટર નિલેશભાઈ દેસાઈ દ્વારા વિદ્યાર્થીઓને વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે સમાચાર કેવી રીતે એકત્રિત કરવામાં આવે છે, તેનું લેખન કઈ રીતે થાય છે અને અંતે અખબારમાં છાપકામની પ્રક્રિયા કેવી રીતે હાથ ધરાય છે, તે વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. વિદ્યાર્થીઓએ અખબારની શરૂઆતથી અંત સુધીની તમામ કામગીરી રસપૂર્વક નિહાળી હતી.


શું તમને સાંભળવાની તકલીફ છે ?



- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય




અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363



GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો

ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડો સાથે આજે જ ખરીદો



ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડો સાથે આજે જ ખરીદો

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.





BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.



શિક્ષકો જોઈએ છે

શ્રી હરી સેવા ટ્રસ્ટ સંચાલિત શ્રી સ્વામીનારાયણ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ. માધ્યમિક શાળા (ભરાડ કેમ્પસ) ધરમનગર લાઠી રોડ અમરેલી.

| વિભાગ | લાયકાત |
| --- | --- |
| હાયર સેકેન્ડરી વિભાગ (વિજ્ઞાન - પ્રવાહ) | M.sc.B.ed. B.sc. B.ed. |
| હાયર સેકેન્ડરી વિભાગ (સામાન્ય - પ્રવાહ - કોમર્સ) | M.com.B.ed. Account, Economics, B.A.,S.P.CC, Computer, English |
| સેકેન્ડરી વિભાગ | B.A./B.SC./B.COM./B.ed. D.P.ed./A.T.D. ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, ગુજરાતી |
| પ્રાયમરી વિભાગ | P.T.C.B.ed. |

નોંધ :- માર્કેટીંગ માટે ભાઈઓ તથા બહેનો માટે માસિક આશરે ૨૦ થી ૨૫ હજાર રૂપિયા મેળવી શકશો તો માર્કેટીંગ કરી શકે તેવા ભાઈઓ તથા બહેનોએ અમારો સંપર્ક કરવો.

ડ્રાઈવરોની પણ જરૂર છે. સંપર્ક કરો...

સ્થળ : ધરમનગર, લાઠી રોડ, અમરેલી. મો. ૯૮૨૪૦ ૬૪૨૭૪



**ગીગાસણ ગ્રામ પંચાયત કચેરી**

તા.ધારી, જિ.અમરેલી

**ગીગાસણ ગામે જર્જરીત ગ્રામ પંચાયત ઓફીસની હરરાજી કરવા અંગેની જાહેરાત**

ધારી તાલુકાના ગીગાસણ ગામે જર્જરીત ગ્રામ પંચાયત ઓફીસને પાડીને સમથળ કરાવવા માટે હરરાજી રાખેલ હોઈ રસ ધરાવતા ઈસમોએ હરરાજીમાં ભાગ લેવા જણાવવામાં આવે છે કે શ્રી અધિક મદદનીશ ઈજનેર સાહેબ ધારીના તારીખ ૧૩/૦૨/૨૦૨૬ના પત્રથી નક્કી કરી આપ્યા મુજબ જર્જરિત હાલતમાં જણાયેલ છે.

-: શરતો :-

૧. હરરાજીમાં ભાગ લેનારે ડીપોઝીટ પેટે રૂા. ૨૦૦૦/- રોકડથી ભરવાના રહેશે.
૨. હરરાજીમાં ભાગ લેનાર વ્યક્તિઓ પૈકી સૌથી ઊંચી બોલીથી પસંદ થયેલ વ્યક્તિએ જેતે રકમ તે જ દિવસે રોકડ/ચેક/ડીડી સ્વરુપે ગ્રામ પંચાયતમાં જમા કરાવવાના રહેશે.
૩. પસંદ થયેલ વ્યક્તિ/એજન્સીએ આ કામ મળ્યે દિન -૫માં ઈમલો પાડી જગ્યા ખાલી/ સમથળ કરી સોંપવાની રહેશે.
૪. કામ સમયે કોઈ પણ પ્રકારની જાનહાની કે નુકશાનીની જવાબદારી જે તે વ્યક્તિ/ એજન્સીની રહેશે.
૫. ગીગાસણ ગ્રામ પંચાયત કચેરીની અપસેટ પ્રાઈઝ રૂા.૧૮૦૦૦/- છે.

હરરાજીનું સ્થળ : ગ્રામ પંચાયત કચેરી ગીગાસણ, તા.ધારી, જી. અમરેલી
તારીખ : ૧૦/૦૩/૨૦૨૬ (મંગળવાર) બપોરે : ૧:૦૦ કલાકે

હરરાજીમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાનો અબાધિત અધિકાર ગીગાસણ ગ્રામ પંચાયતને રહેશે.

(જે.પી.ચૌહાણ) તલાટી કમ મંત્રી ગીગાસણ ગ્રામ પંચાયત
(એમ.એમ.વાઘેલા) સરપંચશ્રી ગીગાસણ ગ્રામ પંચાયત



**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૪૪૯/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી ઘુસાભાઈ હરસુરભાઈ કારેતા
સરનામું :- મુ.છતડીયા તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - છતડીયા, તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના છતડીયા મુકામે ના શ્રી ઘુસાભાઈ હરસુરભાઈ કારેતા એ તેમના પુત્ર નામે શ્રી પ્રદિપભાઈ ઘુસાભાઈ કારેતા નો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૧ ના રોજ રાજુલા તાલુકાના છતડીયા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી આર. એમ.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા



**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૨૮૧/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી ગુજરીયા નાજાભાઈ જેઠાભાઈ
સરનામું :- મુ.ખેરા તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ખેરા, તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ખેરા મુકામે ના શ્રી ગુજરીયા નાજાભાઈ જેઠાભાઈ એ તેમના પુત્રી નામે શ્રી દેવુબેન નાજાભાઈ ગુજરીયા નો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૬ ના રોજ રાજુલા તાલુકાના ખેરા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી આર. એમ.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા



**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૪૪૩/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી શિયાળ બાવભાઈ વીરાભાઈ
સરનામું :- મુ.ખાંભલીયા તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ખાંભલીયા, તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ખાંભલીયા મુકામે ના શ્રી શિયાળ બાવભાઈ વીરાભાઈ એ તેમના માતા નામે સ્વ.રળીયાતબેન વીરાભાઈ શિયાળનું મરણ તા.૧૫/૦૯/૧૯૮૦ ના રોજ રાજુલા તાલુકાના ખાંભલીયા મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી આર.એમ.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

# લીલીયા પોલીસ સ્ટેશન ખાતે પીઆઈના અધ્યક્ષસ્થાને શાંતિ સમિતિની બેઠક મળી

**પી.આઈ. એમ. ડી. સાળુંકેના અધ્યક્ષસ્થાને**



લીલીયા મોટા,તા.૨૮

લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે પી.આઈ. એમ. ડી. સાળુંકેના અધ્યક્ષસ્થાને શાંતિ સમિતિની એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આગામી સમયમાં આવતા હોળી-ધૂળેટી અને રમઝાન ઈદ જેવા પવિત્ર તહેવારો શાંતિપૂર્ણ વાતાવરણમાં અને પરસ્પર ભાઈચારા સાથે ઉજવાય તેવા શુભ આશયથી આ બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન તહેવારોમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કોમી એકતા જળવાઈ રહે તે બાબતે વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. આ તકે સરપંચ વિજયભાઈ શેખલિયા, ભનુભાઈ ડાભી, નીતિનભાઈ ત્રિવેદી અને સયદૂબાપુ કાદરી સહિત બંને સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી બાયપાસ પાસે ટ્રકમાં ખીચોખીચ ભરેલા ૫૭ ઘેટાં ઝડપાયા, ૪નાં મોત

અમરેલી, તા.૨૮

અમરેલી બાયપાસ પાસે પોલીસે બાતમીના આધારે એક આઈસર ટ્રક ઝડપી પાડી પશુ ક્રૂરતાનો મોટો ગુનો શોધી કાઢ્યો હતા. ગેરકાયદેસર રીતે કતલખાને લઈ જવાના ઈરાદે અત્યંત દયાજનક હાલતમાં રાખવામાં આવેલા ૫૭ જેટલા ઘેટાંઓને પોલીસે મુક્ત કરાવ્યા હતા. મળતી માહિતી મુજબ, અમરેલી બાયપાસ પાસેથી પસાર થઈ રહેલી એક આઈસર ટ્રક (નંબરઃ **GJ-07-Y-7262**) ને રોકી તપાસ કરતા તેમાં ઘેટાંઓ ખીચોખીચ ભરેલા જોવા મળ્યા હતા. ખેડાના માતરના ઈરફાનભાઈ ફીરોજભાઈ ઓડ, ફજલભાઈ નિઝામભાઈ ઓડ, સાજીદભાઈ ફજલભાઈ ઓડ, જાહીદભાઈ ફજલભાઈ ઓડ એમ ચારેય આરોપીઓએ પશુઓને હલન-ચલન ન કરી શકે તેવી ક્રૂરતાપૂર્વક રીતે ટ્રકમાં ગોંધી રાખ્યા હતા.

પોલીસે આ કાર્યવાહી દરમિયાન આઈસર ટ્રકની કિંમત રૂ. ૨,૦૦,૦૦૦ તથા રૂ. ૩,૬૪,૦૦૦ની કિંમતના ૫૩ ઘેટાં મળી કુલ રૂ. ૫,૬૬,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, આરોપીઓ આ પશુઓને કોઈપણ પ્રકારના ઘાસચારા કે પાણીની સગવડ વિના લઈ જઈ રહ્યા હતા. આ ક્રૂરતાના કારણે ટ્રકમાં રહેલા ૪ મોટા ઘેટાંઓના મોત નીપજ્યા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે બી આસોદરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીના ગોવિંદપુરના યુવકની બોલેરો ગાડી ભાડે લઈ રૂ. ૫.૧૦ લાખ ભાડું ન ચૂકવ્યાની ફરિયાદ

**સુરત ખોલવડમાં રહેતા ઈસમે ઠગાઈ કરી**

ધારી, તા.૨૮

ધારી તાલુકાના ગોવિંદપુર ગામે વિશ્વાસઘાત અને છેતરપિંડીની એક ઘટના સામે આવી હતી. જેમાં એક શખ્સે ફરિયાદીની બોલેરો ગાડી ભાડે રાખ્યા બાદ પાંચ મહિનાનું ભાડું તેમજ ગાડી પરત ન કરી કુલ રૂ. ૫.૧૦ લાખની ઠગાઈ આચરી હોવાની ફરિયાદ નોંધાઈ હતી. બનાવ અંગે વનરાજભાઈ હકુભાઈ ગીગૈયા (ઉ.વ.૩૨)એ ખોલવડમાં રહેતા હાર્દીવભાઈ રમણીકભાઈ કણસાગરા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, આરોપીએ તેમને વિશ્વાસમાં લીધા હતા. આરોપીએ ફરિયાદીની બોલેરો માસિક રૂ. ૨૫,૦૦૦ના ભાડેથી રાખવાનું નક્કી કર્યું હતું. આરોપીએ ગાડી લઈ ગયા બાદ સતત પાંચ મહિના સુધી ભાડું ચૂકવ્યું ન હતું. પાંચ મહિનાનું બાકી ભાડું રૂ. ૧,૨૫,૦૦૦ અને ગાડીની કિંમત રૂ. ૩,૮૫,૦૦૦ મળી આરોપીએ કુલ રૂ. ૫,૧૦,૦૦૦ની છેતરપિંડી કરી હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ એચ વાઘ વધુ તપાસ કરી રહ્યા છે.

# ગરણીથી જીવાપર આપા દેસળના મંદિર પાસે બાઈક સ્લીપ થતાં યુવકનું મોત

**આશાસ્પદ યુવાનનું મોત થતા અરેરાટી પ્રસરી જવા પામી**

બાબરા, તા. ૨૮

બાબરાના ગરણીથી જીવાપર આપા દેસળના મંદિર પાસે રોડના વળાંક પાસે બાઈક સ્લીપ થતાં યુવકનું મોત થયું હતું. આ અંગે બાબરાના કર્ણુકી ગામના ભાવેશભાઈ ઉર્ફે ભયલુભાઈ બચુભાઈ ડાભી, (ઉ.વ.૫૫)એ જાહેર કર્યા મુજબ, બાવચંદભાઈ ભાવેશભાઈ ઉર્ફે ભયલુભાઈ ડાભી (ઉ.વ.૨૧)નું બાઈક કર્ણુકીથી જીવાપર રોડે આવેલ આપા દેસળના મંદિર પાસે વળાંકમાં સ્લીપ થઈ જતા માથામાં હેમરેજ તથા શરીરે છોલાણ થવાથી મોત થયું હતું. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે સી સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીમાં એસી રીપેરીંગના વિવાદમાં દુકાનદાર અને તેના મિત્ર પર ધારદાર હથિયારથી હુમલો

લાઠી, તા.૨૮

લાઠી શહેરમાં એસી રીપેરીંગ જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા હુમલાની ઘટના સામે આવી હતી. પોતાની દુકાને હાજર રહેલા વેપારી અને તેમને બચાવવા આવેલા સાહેદ પર આરોપીએ તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી લોહીલુહાણ કરી નાખ્યા હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ હતી. બનાવ અંગે સલીમભાઈ યુનુસભાઈ ગીગાણીએ મોસીનભાઈ સલીમભાઈ કુરેશી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેમની દુકાને હાજર હતા ત્યારે આરોપીએ ત્યાં આવી એસી રીપેરીંગના કામ બાબતે બોલાચાલી શરૂ કરી હતી. તેમણે સમજાવવા છતાં આરોપી વધુ ઉશ્કેરાયો હતો અને ઝપાઝપી કરી હતી. આ દરમિયાન ફરિયાદીએ પોતાના મિત્ર નવાજભાઈને મદદ માટે ફોન કરીને બોલાવ્યા હતા. આરોપીએ નવાજભાઈને ધક્કો મારી પછાડી દીધા હતા. જ્યારે તેઓ વચ્ચે પડ્યા ત્યારે આરોપીએ પોતાની પાસે રહેલા લોખંડની કોઈ ધારદાર વસ્તુ વડે હુમલો કર્યો હતો. જેમાં તેમને માથાના મધ્યમાં, કપાળે, જમણી આંખના નેણ પાસે અને નાકના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા લોહી નીકળ્યું હતું. જ્યારે સાહેદ નવાજભાઈને દાઢીના ભાગે ધારદાર વસ્તુનો ઘા વાગતા લોહી નીકળ્યું હતું અને હાથની આંગળીમાં પણ મૂઢ માર વાગ્યો હતો.

# સાવરકુંડલામાંથી ૪, સરકારી પીપળવા ગામેથી ૭ શકુની ઝડપાયા

અમરેલી, તા.૨૮



અમરેલી જિલ્લામાં પોલીસે બે સ્થળેથી ૧૧ જુગારીને ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી. સાવરકુંડલામાંથી ૪ અને સરકારી પીપળવા ગામેથી ૭ શકુની ઝડપાયા હતા. જયારે ૩ જુગારી પોલીસને થાપ આપી ફરાર થઈ ગયા હતા. સાવરકુંડલા રૂરલ પોલીસે હિતેશભાઈ એભલભાઈ ભુકણ, યાસીનભાઈ જમાલભાઈ પઠાણ, ઈમરાનભાઈ રસુલભાઈ શેખ, મુનાજીરભાઈ મજીતભાઈ બેલીમ ગંજી પત્તાના પાના વડે તીન પત્તીનો હારજીતનો જુગાર રમતા રોકડા રૂ.૧૮,૨૦૦, હાથબતી નંગ-૧, મોટર સાઈકલ નંગ-૦૪ કુલ કિં.રૂ.૭૫,૦૦૦ મળી કુલ રૂ.૯૩,૨૨૦ના મુદામાલ સાથે રેઈડ દરમિયાન પકડાયા હતા. જયારે ભોજભાઈ બાવભાઈ જાજડા,કયુમભાઈ અલીભાઈ ચોટલીયા તથા શબીરભાઈ જાનીભાઈ શેખ ફરાર થઈ ગયા હતા. લાઠીના સરકારી પીપળવા ગામેથી પંકજભાઈ મગનભાઈ ચૌહાણ, વનરાજભાઈ દેવરાજભાઈ ચારોલા, સુનીલભાઈ જગદીશભાઈ મોણપરીયા, વાસુરભાઈ લાલજીભાઈ ચારોલા,જયસુખભાઈ લાલજીભાઈ ચારોલા, વિપુલભાઈ કાજુભાઈ ચારોલા તથા મુકેશભાઈ દેવાભાઈ ચારોલા દેવીપુજક વાસમાં જયસુખભાઈ લાલજીભાઈ ચારોલીયાના રહેણાંક મકાન પાછળ ખુલ્લી શેરીમાં જાહેરમાં ગંજીપતાના પાના તથા પૈસાથી હારજીતનો જુગાર રમી રમતા રોકડા રૂા.૧૨,૧૨૦ સાથે ઝડપાયા હતા.

# અમરેલીના યુવકે શોરૂમના હિસાબમાં રકમની ઘટ પડતા ઝેરી દવા પીધી

અમરેલી, તા.૨૮

અમરેલીના એક યુવકે મોરબીમાં નોકરી દરમિયાન હિસાબમાં પડેલી મોટી રકમની ઘટ અને વારંવારની ઉઘરાણીથી કંટાળી જઈ ઝેરી દવા પી લેતા ચકચાર મચી ગઈ હતી.

યુવકને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.અલ્પેશભાઈ અમૃતભાઈ મહેતા (ઉં.વ.૩૯) એ જાહેર કર્યા મુજબ, તેઓ મોરબી ખાતે આવેલી હ્યુન્ડાઈ કારના શોરૂમમાં નોકરી કરતો હતો. શોરૂમના હિસાબમાં અંદાજે રૂ. ૫ લાખની ઘટ આવતા શોરૂમ સંચાલકો દ્વારા યુવક પાસે આ રકમની સતત ઉઘરાણી કરવામાં આવી રહી હતી.

છેલ્લા બે મહિનાથી તેનો પગાર પણ શોરૂમ દ્વારા આપવામાં આવ્યો ન હતો. એક તરફ લાખો રૂપિયાની ઉઘરાણી અને બીજી તરફ પગાર ન મળતા યુવક ભારે માનસિક તણાવમાં હતો. વારંવારની કડક ઉઘરાણીથી કંટાળી જઈ, આખરે યુવકે અંતિમ પગલું ભરતા ખેતીમાં વપરાતી ઝેરી દવાની બોટલમાંથી દવા પી લીધી હતી.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૨૫ | ૧૫૮૦ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૪૫ | ૬૦૦ |
| જુવાર સફેદ | ૯૦૦ | ૧૦૭૦ |
| જુવાર લાલ | ૧૧૫૦ | ૧૧૫૦ |
| બાજરી | ૨૫૦ | ૩૫૧ |
| તુવેર | ૧૨૭૫ | ૧૫૮૦ |
| ચણા પીળા | ૯૪૦ | ૧૦૬૫ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૭૫૦ |
| અડદ | ૯૦૦ | ૧૬૯૨ |
| મગ | ૧૦૨૧ | ૧૫૮૯ |
| વાલ દેશી | ૮૮૦ | ૧૨૦૮ |
| ચોળી | ૧૦૭૫ | ૧૫૦૧ |
| વટાણા | ૭૦૦ | ૧૧૫૨ |
| રાજમા | ૧૧૦૦ | ૧૭૪૯ |
| મગફળી જાડી | ૧૧૮૦ | ૧૪૭૦ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૫૧૧ |
| તલી | ૧૪૦૦ | ૨૦૮૦ |
| એરંડા | ૧૨૦૬ | ૧૨૫૫ |
| અજમો | ૯૩૦ | ૧૮૮૦ |
| સોયાબીન | ૯૪૦ | ૧૦૦૬ |
| સીંગફાડા | ૧૧૭૫ | ૧૫૪૦ |
| કાળા તલ | ૧૯૭૦ | ૩૬૯૯ |
| લસણ | ૯૦૦ | ૧૭૦૦ |
| ધાણા | ૧૪૦૦ | ૨૧૦૦ |
| મરચા સુકા | ૩૪૦૦ | ૫૯૦૦ |
| ધાણી | ૧૫૭૦ | ૨૩૦૦ |
| વરીયાળી | ૧૧૨૦ | ૧૭૦૧ |
| જીરૂ | ૩૪૦૦ | ૪૩૭૧ |
| રાય | ૧૧૫૦ | ૧૩૮૦ |
| મેથી | ૯૨૦ | ૧૪૮૦ |
| ઇસબગુલ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| અશેરીયો | ૧૦૫૦ | ૧૨૦૦ |
| કલોંજી | ૩૮૦૦ | ૪૩૪૦ |
| રાયડો | ૯૩૦ | ૧૧૫૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૮૦૪ | ૧૬૨૪ |
| પૈપૈયા | ૯૫ | ૧૮૨ |
| બટેટા | ૯૭ | ૨૦૮ |
| ડુંગળી સુકી | ૫૫ | ૨૩૦ |
| ટમેટા | ૬૬ | ૧૭૨ |
| સુરણ | ૮૧૨ | ૧૦૦૯ |
| કોથમરી | ૧૦૩ | ૨૧૩ |
| સકરીયા | ૫૨૧ | ૭૦૪ |
| મુળા | ૩૧૪ | ૫૦૯ |
| રીંગણા | ૧૯૬ | ૩૬૩ |
| કોબીજ | ૬૧ | ૧૦૬ |
| ફ્લાવર | ૧૫૭ | ૨૯૭ |
| ભીંડો | ૮૧૨ | ૧૨૦૧ |
| ગુવાર | ૧૨૦૪ | ૧૭૯૬ |
| ચોળાસીંગ | ૬૨૨ | ૮૧૧ |
| વાલોળ | ૨૩૨ | ૬૦૪ |
| ટીંડોળા | ૫૯૧ | ૧૦૦૮ |
| દુધી | ૮૬ | ૧૯૯ |
| કારેલા | ૬૭૧ | ૧૦૦૩ |
| સરગવો | ૬૩૪ | ૧૨૦૯ |
| તુરીયા | ૬૧૬ | ૮૨૧ |
| પરવર | ૧૨૩૫ | ૧૭૮૬ |
| કાકડી | ૩૧૧ | ૪૯૬ |
| ગાજર | ૨૦૭ | ૪૧૨ |
| વટાણા | ૩૩૬ | ૫૧૫ |
| તુવેરસીંગ | ૩૧૪ | ૬૦૮ |
| ગલકા | ૩૨૨ | ૪૮૨ |
| બીટ | ૯૩ | ૨૦૧ |
| મેથી | ૧૫૬ | ૨૧૩ |
| વાલ | ૮૦૪ | ૧૦૧૨ |
| ડુંગળી લીલી | ૧૯૨ | ૩૨૬ |
| આદુ | ૧૦૩૩ | ૧૨૧૧ |
| ચણા લીલા | ૯૭ | ૨૪૩ |
| મરચા લીલા | ૩૨૬ | ૫૪૬ |
| હળદર લીલી | ૨૦૪ | ૪૩૧ |
| લસણ લીલું | ૫૪૨ | ૧૦૯૨ |
| મકાઇ લીલી | ૧૮૩ | ૩૦૩ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૭૧ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૭૪ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૬૫૦ |
| મગફળી જીણી | ૧૦૭૬ | ૧૪૯૧ |
| સિંગ ફાડીયા | ૭૦૦ | ૧૪૯૧ |
| એરંડા / એરંડી | ૯૦૧ | ૧૨૬૬ |
| જીરૂ | ૩૦૦૧ | ૪૫૯૧ |
| ધાણા | ૧૧૫૧ | ૨૪૫૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૬૦૧ | ૮૮૦૧ |
| લસણ સુકું | ૫૯૧ | ૧૨૯૧ |
| ડુંગળી લાલ | ૫૧ | ૨૪૧ |
| અડદ | ૧૧૫૧ | ૧૩૦૦ |
| તુવેર | ૧૧૦૧ | ૧૫૭૧ |
| રાયડો | ૫૦૦ | ૧૧૫૧ |
| રાય | ૧૩૩૬ | ૧૩૩૬ |
| મેથી | ૬૨૬ | ૧૨૫૦ |
| કાંગ | ૩૦૧ | ૫૮૧ |
| મરચા | ૧૮૦૧ | ૬૩૦૧ |
| મગફળી જાડી | ૧૦૧૧ | ૧૫૫૧ |
| નવું લસણ | ૬૫૧ | ૧૩૦૧ |
| સફેદ ચણા | ૧૦૩૬ | ૧૮૦૧ |
| મગફળી ૬૬ | ૧૩૨૧ | ૧૩૨૧ |
| તલ - તલી | ૧૨૦૦ | ૨૧૪૧ |
| ઇસબગુલ | ૨૨૦૧ | ૨૨૦૧ |
| ધાણી | ૧૨૫૧ | ૨૮૦૧ |
| ડુંગળી સફેદ | ૨૦૧ | ૨૫૬ |
| બાજરો | ૩૧૧ | ૩૧૧ |
| જુવાર | ૬૫૧ | ૧૦૫૧ |
| મકાઇ | ૩૪૧ | ૩૫૦ |
| મગ | ૭૦૧ | ૧૪૯૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૦૫૬ |
| વાલ | ૮૦૦ | ૧૧૭૧ |
| ચોળા / ચોળી | ૩૦૦ | ૭૨૬ |
| સોયાબીન | ૮૭૬ | ૧૦૦૬ |
| અરીઠા | ૩૫૧ | ૩૫૧ |
| ગોગળી | ૭૪૧ | ૧૦૯૧ |
| વટાણા | ૨૭૧ | ૧૦૬૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૪૦ | ૨૬૦ |
| મરચા | ૨૦૦ | ૨૦૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૮૦૦ |
| કોબી | ૩૦ | ૨૦૦ |
| દુધી | ૪૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૨૦ | ૩૦૦ |
| કાકડી | ૧૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૬૦ | ૫૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૧૦૦ | ૪૦૦ |
| ગાજર | ૧૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૫૦૦ |
| તુવેર | ૩૦૦ | ૬૦૦ |
| વાલ | ૪૦૦ | ૯૦૦ |
| વટાણા | ૩૦૦ | ૮૦૦ |
| શક્કરીયા | ૧૮૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૧૦૦૦ | ૨૦૦૦ |
| બટેટા | ૧૨૦ | ૨૪૦ |
| ડુંગળી પુરા | ૩ | ૮ |
| કોથમીર પુરા | ૪ | ૮ |
| મૂળા પુરા | ૫ | ૮ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| ઘીસોડા | ૧૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૧૪૦૦ |
| મેથી પુરા | ૧ | ૬ |
| બીટ પુરા | ૫ | ૧૫ |
| સરગવો પુરા | ૩૦ | ૫૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૩૦૦ | ૧૦૦૦ |
| વાલોર | ૧૮૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૩૦૦ |
| આદુ | ૬૦૦ | ૧૨૦૦ |
| મકાઇ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૩ | ૫ |
| પાલક પુરા | ૨ | ૫ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૯૦૦ | ૧૫૩૫ |
| શિંગ દાણા | ૧૧૩૦ | ૧૫૭૫ |
| શિંગદાણા ફાડા | ૧૨૮૦ | ૧૬૦૦ |
| તલ સફેદ | ૧૪૨૫ | ૧૮૫૦ |
| તલ કાળા | ૧૭૫૦ | ૩૫૦૦ |
| બાજરો | ૫૫૫ | ૫૫૫ |
| જુવાર | ૪૬૦ | ૮૫૫ |
| ઘઉં ટુકડા | ૩૯૫ | ૬૦૫ |
| ઘઉં લોકવન | ૪૪૫ | ૫૩૦ |
| મકાઇ | ૪૭૦ | ૪૭૦ |
| અડદ | ૧૨૯૦ | ૧૨૯૦ |
| ચણા | ૮૮૫ | ૧૦૪૫ |
| સફેદ ચણા | ૮૦૦ | ૯૯૫ |
| તુવેર | ૯૪૦ | ૧૪૭૫ |
| કપાસ | ૯૧૦ | ૧૬૨૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૪૫ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૧૪૫ |
| રાયડો | ૧૦૪૫ | ૧૦૪૫ |
| રાય | ૧૨૫૦ | ૧૩૫૦ |
| ધાણા | ૧૬૪૦ | ૨૩૬૦ |
| ધાણી | ૧૬૧૫ | ૩૧૪૦ |
| અજમા | ૨૦૦૦ | ૨૪૭૫ |
| મેથી | ૭૦૦ | ૮૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૯૯૫ |
| મરચા લાંબા | ૧૩૯૦ | ૬૦૯૦ |
| કાંગ | ૫૭૦ | ૫૭૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૪૦ | ૨૧૦ |
| રીંગણા | ૨૦૦ | ૩૦૦ |
| ફુલાવર | ૧૬૦ | ૨૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૧૬૦ |
| શક્કરિયા | ૪૦૦ | ૫૨૦ |
| ટમેટા | ૧૫૦ | ૨૦૦ |
| સુરણ | ૮૦૦ | ૯૨૦ |
| ગાજર | ૨૦૦ | ૨૮૦ |
| દૂધી | ૧૦૦ | ૨૪૦ |
| કારેલા | ૭૦૦ | ૮૦૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| મૂળા | ૧૫૦ | ૨૧૦ |
| કાકડી | ૨૦૦ | ૨૬૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૪૦૦ | ૫૦૦ |
| વટાણા | ૫૫૦ | ૬૦૦ |
| ચોળા લીલાં | ૭૨૦ | ૮૦૦ |
| તુરીયા | ૩૦૦ | ૪૦૦ |
| વાલ | ૬૦૦ | ૭૦૦ |
| તુવેર | ૬૦૦ | ૭૩૦ |
| ભીંડો | ૬૫૦ | ૮૦૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૨૫૦ |
| કોથમીર | ૧૦૦ | ૨૧૦ |
| મેથીભાજી | ૨૧૦ | ૨૬૦ |
| ફુદીનો | ૫૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૯૩૦ |
| બીટ | ૧૯૦ | ૨૧૦ |
| સરગવો | ૫૦૦ | ૬૦૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૨૨૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૮૦૦ |
| મરચા લાલ | ૧૦૫૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૨૯૦ |
| ડુંગળી સૂકી | ૨૪૦ | ૩૦૦ |
| લસણ લીલું | ૫૦૦ | ૬૦૦ |
| લસણ સૂકું | ૧૨૦૦ | ૨૪૦૦ |
| પાલક | ૨૫૦ | ૩૫૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| મકાઇ | ૨૫૦ | ૩૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૪૧૦ | ૧૬૦૮ |
| કપાસ મીડીયમ | ૧૨૦૦ | ૧૩૭૦ |
| મગફળી | ૧૨૩૦ | ૧૪૦૦ |
| જીરૂ | ૩૧૨૦ | ૪૨૯૦ |
| ચણા | ૧૦૧૩ | ૧૦૩૭ |
| ઘઉં | ૪૭૫ | ૫૧૫ |
| ધાણા | ૧૩૪૦ | ૨૪૦૦ |
| તુવેર | ૧૧૩૦ | ૧૪૩૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૧૩૫ | ૧૨૨૫ |
| ઘઉં | ૪૩૧ | ૫૦૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૩૬ |
| તુવેર સફેદ | ૧૦૧૫ | ૧૫૦૦ |
| તુવેર લાલ | ૧૦૦૦ | ૧૩૩૫ |
| ધાણા | ૧૯૦૦ | ૧૯૦૦ |
| રાઈડો | ૧૦૨૬ | ૧૦૨૬ |
| અડદ | ૭૦૦ | ૧૧૭૦ |
| સોયાબીન | ૬૫૫ | ૯૫૧ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૨૧ | ૧૩૧૫ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૪૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૭૫ |
| રાય | ૧૦૦૦ | ૧૨૩૨ |
| રાયડો | ૯૦૦ | ૧૦૩૪ |
| મેથી | ૯૮૦ | ૧૧૫૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૫૦ |
| જુવાર | ૬૮૦ | ૧૧૦૬ |
| અડદ | ૧૦૮૦ | ૧૪૫૫ |
| મગ | ૧૨૫૦ | ૧૫૯૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૩૩ |
| સોયાબીન | ૯૦૦ | ૯૭૪ |
| ધાણા | ૧૧૫૦ | ૨૦૪૦ |
| કપાસ | ૧૧૫૦ | ૧૫૮૦ |
| કાંગ | ૪૨૫ | ૫૪૪ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૮૫ |
| ઘઉં લોકવન | ૪૨૮ | ૫૩૨ |
| ઘઉં ટુકડા | ૩૦૦ | ૩૮૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૨૦ |
| ધાણા | ૧૬૦૦ | ૧૮૯૦ |
| ધાણી | ૧૪૦૦ | ૧૬૯૦ |
| સોયાબીન | ૭૪૫ | ૯૦૦ |
| મગફળી | ૧૧૫૦ | ૧૨૫૦ |
| તુવેર | ૧૨૯૫ | ૧૪૬૫ |
| તલ કાળા | ૧૬૦૦ | ૧૬૦૦ |
| જીરૂ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| રાય | ૮૦૦ | ૧૧૨૦ |
| શિંગ દાણા | ૧૩૮૦ | ૧૪૫૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૯૫ |
| ઘઉં | ૪૦૧ | ૪૮૩ |
| ચણા | ૯૦૧ | ૧૦૫૧ |
| તુવેર | ૧૨૦૧ | ૧૫૨૬ |
| મગફળી | ૭૦૧ | ૧૧૧૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૧૦૬ |
| સોયાબીન | ૭૦૧ | ૯૦૬ |
| **સાવરકુંડલા** | | |
| શિંગ-જીણી | ૧૩૦૦ | ૧૪૬૦ |
| શિંગ મોટી | ૧૩૫૦ | ૧૪૫૨ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૬૧૧ |
| જીરૂ | ૩૮૫૦ | ૪૮૨૧ |
| કપાસ | ૧૩૨૦ | ૧૫૭૨ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૮૫ |
| ઘઉં ટુકડા | ૪૩૫ | ૫૩૫ |
| જુવાર | --- | ૧૧૩૦ |
| મગ દેશી | ૨૨૮૦ | --- |
| અડદ | ૧૦૫૦ | ૧૧૦૦ |
| ચણા | ૧૦૧૦ | ૧૦૫૭ |
| દેશી ચણા | ૧૧૫૦ | ૧૨૧૩ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૩૫ |
| એરંડી | ૧૧૦૦ | ૧૨૦૬ |
| મેથી | ૮૯૦ | --- |
| ધાણા | ૧૩૨૦ | ૨૪૫૧ |
| સોયાબીન | ૯૦૦ | ૯૩૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૭૦૦ | ૯૧૫ |
| બાજરો | ૧૦૦ | ૨૦૫ |
| ઘઉં | ૪૦૦ | ૪૫૮ |
| અડદ | ૧૨૦૦ | ૧૪૮૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૪૫ |
| મેથી | ૧૧૦૦ | ૧૩૭૦ |
| ચણા | ૯૯૦ | ૧૦૬૩ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૧૫૨૫ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૩૭૫ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૩૭૦ |
| રાયડો | ૯૨૫ | ૧૧૬૦ |
| રાય | ૧૧૫૦ | ૧૪૦૫ |
| લસણ | ૮૦૦ | ૧૧૭૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૭૫ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૨૫૫ |
| અજમો | ૧૧૧૫ | ૩૪૯૫ |
| અજમાની ભુસી | ૧૦૦ | ૨૩૦૦ |
| ધાણા | ૧૩૦૦ | ૨૦૯૦ |
| ધાણી | ૧૬૦૦ | ૨૪૪૦ |
| મરચા | ૧૮૦૦ | ૬૦૪૦ |
| ડુંગળી | ૪૦ | ૨૪૫ |
| વટાણા | ૭૦૦ | ૧૧૨૦ |
| રાજમા | ૧૨૦૦ | ૧૫૫૦ |
| **મહુવા** | | |
| એરંડા | ૧૨૧૮ | ૧૨૧૮ |
| જુવાર | ૪૫૦ | ૯૫૯ |
| બાજરી | ૩૧૧ | ૫૮૩ |
| ઘઉં ટુકડા | ૪૨૧ | ૫૩૧ |
| મેથી | ૧૧૦૦ | ૧૩૨૫ |
| મગ | ૯૯૧ | ૨૬૯૬ |
| સોયાબીન | ૮૫૦ | ૧૦૦૬ |
| ચણા | ૯૮૦ | ૧૦૨૮ |
| તલ સફેદ | ૧૮૧૬ | ૧૮૧૬ |
| તલ પુરબીયા | ૨૦૦૧ | ૨૦૦૧ |
| તુવેર | ૬૦૦ | ૧૫૦૭ |
| જીરૂ | ૪૦૩૫ | ૪૦૩૫ |
| ડુંગળી લાલ | ૮૦ | ૨૫૩ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૨૭૩ |
| ડુંગળી સફેદએક્સ | ૨૭૧ | ૪૫૧ |
| નાળીયેર | ૪૦૫ | ૨૪૯૨ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૧૯૫ | ૧૫૭૨ |
| કપાસ સીગ્રેડ | ૮૩૦ | ૮૩૦ |
| તુવેર | ૧૩૯૯ | ૧૩૯૯ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૭૫ | ૧૪૯૦ |
| મગફળી | ૧૦૨૬ | ૧૧૫૦ |
| ચણા | ૧૦૨૫ | ૧૦૩૦ |
| સોયાબીન | ૯૫૦ | ૯૫૦ |
| તુવેર | ૧૪૦૧ | ૧૫૦૧ |
| ધાણા | ૧૩૦૧ | ૧૮૦૧ |
| મગ | ૧૯૦૦ | ૧૯૦૦ |

# આંબેડકર પહેલાં બે હિન્દુ મહારાજાઓએ અનામત આપી દીધી હતી !

બ્રાહ્મણ વિરોધી રાજકારણ લેખાંક ૩
(ગતાંકથી આગળ)

આપણે જોઈ રહ્યા છીએ બ્રાહ્મણ વિરોધી રાજકારણ કેવી રીતે શરૂ થયું. તેની પાછળ મેક્સમૂલર, રૉબર્ટ કાલ્ડવેલ જેવા અંગ્રેજ તરફીઓ અને ખ્રિસ્તી મિશનરીઓ અને રાજા રામમોહનરાય જેવા અંગ્રેજ તરફી અને મોગલ બાદશાહ તરફી લોકો હતા. રૉબર્ટ કાલ્ડવેલે દક્ષિણમાં બીવડાવ્યાં તે પછી ત્યાં જસ્ટિસ પાર્ટી બની અને પેરિયાર નામના સવર્ણ જાતિના જ એક નેતાએ આ બીને ખાતરપાણી નાખી વૃક્ષ બનાવી દીધું. પેરિયાર માનતા હતા કે બંધારણમાં પંથની સ્વતંત્રતા નામના અનુચ્છેદ ૨૫થી લઈ ૨૮ છે તે અસમાનતા વધારનારા છે. અત્યારે જે નવ બૌદ્ધો અને દલિત તરફી કહેવાતા નેતાઓ તેમજ રાહુલ ગાંધી- અસદુદ્દીન ઓવૈસી જેવા નેતાઓ વારેવારે બંધારણની દુહાઈ દે છે પણ પેરિયાર બંધારણના વિરોધી માત્ર ન હતા, ૨૬ નવેમ્બર ૧૯૫૭ના દિને તેમણે બંધારણની નકલો બાળી પણ હતી. પરંતુ ભારતમાં અનામત માટે એક માત્ર બાબાસાહેબ આંબેડકરને જ યશ આપતા લોકોએ જાણવું જોઈએ કે ભારતમાં અનામત તો હિન્દુ રાજાએ અગાઉ ક્યારની આપી દીધી હતી. ના, પેલી જે વાત છે કે વ્યવસાય જન્મજાત ચાલ્યો આવતો હતો તે એક પ્રકારની અનામત જ છે (તે પણ વાત ખોટી નથી, આજે એ વ્યવસાયો મોટા ભાગે મુસ્લિમો પાસે છે અને બધા સરકારી નોકરી માટે લડે છે), તેવી અનામત નહીં. આજના જેવી જ અનામત. એ અનામત આપનારા બે રાજા (એટલે કે હિન્દુ શાસક) હતા- કોલ્હાપુરના શાહુ મહારાજ અને મૈસૂરના મહારાજા નલવાડી કૃષ્ણરાજ વડિયાર ! યોગાનુયોગ ગણો કે જે ગણો તે, આ બંને તેમજ ભાવનગરના પ્રજાવત્સલ મહારાજા કૃષ્ણકુમારસિંહજી વચ્ચે એક કડી સમાન હતી અને તે હતા અંગ્રેજ નોકર- સ્ટુઅર્ટ ફ્રેઝર. સ્ટુઅર્ટ મિલફોર્ડ ફ્રેઝર બ્રિટિશ સરકારમાં વિદેશ અને રાજકીય બાબતોના વિભાગોમાં અધિકારી હતા. તેઓ ભારતીય વહીવટી સેવામાં જોડાયા તેનાં પાંચ વર્ષ પછી તેમને શાહુ મહારાજ અને કૃષ્ણકુમારસિંહજીના શિક્ષક તરીકે રાજકોટની રાજકુમાર કૉલેજમાં નિમણૂક અપાઈ હતી. ઈ. સ. ૧૮૯૬માં તેઓ મૈસૂરના રાજ્યપાલ અને તેના યુવાન રાજા કૃષ્ણરાજ વડિયારના શિક્ષક બન્યા હતા. આ પૈકી શાહુ મહારાજ અને કૃષ્ણરાજ વડિયારે અનામત જાહેર કરી હતી. ૨૬ જુલાઈ ૧૯૦૨ના દિને એટલે કે ભારતનું બંધારણ ક્રિયાન્વિત થયું તેની લગભગ અડધી સદી પહેલાં જ શાહુ મહારાજે સરકારી નોકરીઓમાં પછાત વર્ગો માટે પચાસ ટકા અનામત જાહેર કરી હતી. તેમણે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ ચાલુ કરી હતી. તેમણે પ્રાથમિક શિક્ષણ અનિવાર્ય બનાવ્યું હતું. તેમણે વિવિધ જ્ઞાતિઓ માટે છાત્રાલયો બનાવ્યાં હતાં. તેમણે વિધવાઓના પુનઃવિવાહને અનુમતિ આપતો કાયદો બનાવ્યો હતો. તો દેવદાસી પ્રથા પર પ્રતિબંધ મૂક્યો હતો. ૧૨ જુલાઈ ૧૯૧૯એ તેમણે આંતરજ્ઞાતીય અને આંતરપંથીય લગ્ન અધિનિયમ બનાવી આ પ્રકારનાં લગ્નોને વૈધાનિક સ્વરૂપ આપવાનું કામ કર્યું હતું. આ ઉપરાંત તેમના રાજ્યમાં ભોગાવતી નદી પર રાધાનગરી બાંધ બનાવ્યો હતો. (મંદિરના બદલે ડેમના માટે નહેરુને શ્રેય આપતા લોકોએ આંખ પહોળી કરીને આ દસ વાર વાંચવું જોઈએ.) 'નહેરુના વડા પ્રધાન બન્યા પહેલાં સોય પણ નહોતી બનતી' તેમ ગર્વ લેતા કૉંગ્રેસીઓને જાણ થાય કે શાહુ મહારાજે ઈ. સ. ૧૯૦૬માં શાહુ છત્રપતિ વીવિંગ ઍન્ડ સ્પિનિંગ મિલ બનાવીને લોકોને આજીવિકા આપવાનું કાર્ય પણ કર્યું હતું. તેમણે રાજારામ કૉલેજ પણ બનાવી હતી.



શાહુ મહારાજ પેરિયારની જેમ હિન્દુ વિરોધી નહોતા. તેમણે બધી જ જ્ઞાતિનાં બાળકો હિન્દુ ધર્મગ્રંથો ભણી શકે તે માટે વૈદિક શાળાઓ શરૂ કરાવી હતી. તેમણે ઈ. સ. ૧૯૧૭થી ઈ. સ. ૧૯૨૧ દરમિયાન બાબાસાહેબ આંબેડકર સાથે સંબંધો જાળવી રાખ્યા હતા. એટલે આંબેડકર પર તેમના પ્રભાવને પણ નકારી શકાય નહીં. આંબેડકરના સમાચારપત્ર 'મૂકનાયક'ને તેઓ વિત્ત સહાય આપતા હતા. બંનેએ ૨૧-૨૨ માર્ચ ૧૯૨૦ના દિને અસ્પૃશ્યોના કલ્યાણ અંગે પરિષદનું આયોજન કર્યું હતું. તેમનાં પત્ની લક્ષ્મીબાઈ ખાનવિલકર વડોદરાના હતાં. આમ, ગુજરાત સાથે પણ તેમને સંબંધ હતો.

**આ લેખ વાંચીને તમારી અનેક ભ્રમણાઓ ભાંગી જશે. ભ્રમણા ૧: અનામત અને બંધારણ માટે આંબેડકરને જ શ્રેય દેવામાં આવે છે. ભ્રમણા ૨: આંબેડકરને મન માત્ર દલિતોનું હિત વસેલું હતું. ભ્રમણા ૩ : કૉંગ્રેસ દલિતો-આદિવાસીઓ તરફી હતી. ૪: નહેરુના આવ્યા પહેલાં સોય પણ નહોતી બનતી અને આઈઆઈએમ-આઈઆઈટી જેવી સંસ્થાઓ નહોતી.**

આ જ રીતે, મૈસૂરના મહારાજા કૃષ્ણરાજ વડિયાર ચોથાને રાજર્ષિ અથવા સંત સમાન રાજા કહેવાતા હતા. પં. મદનમોહન માલવિયએ તેમને ધાર્મિક કહ્યા હતા. આપણે લોકશાહી વિદેશોમાંથી ઉછીની લીધાનું કોઈ કહે તો તેમને કહેવું જોઈએ કે રામાયણના સમયથી તો લોકશાહી હતી જ પરંતુ તાજાં ઉદાહરણોમાં ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી અને મૈસૂરના મહારાજા વડિયાર ચોથાના શાસનમાં પ્રતિનિધિ સભા (આજની લોકસભા) હતી. મહારાજાએ ઈ. સ. ૧૯૧૮માં મૈસૂર ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ સર લેસ્લી મિલરને પછાત વર્ગોની સમસ્યાઓનું વિશ્લેષણ કરવા નિમ્યા. મિલરે બાદમાં બ્રાહ્મણ સિવાયના વર્ગો માટે સરકારી નોકરીઓમાં ૨૫ ટકા અનામતની ભલામણ કરી હતી. તેનો અમલ મહારાજાએ કર્યો હતો.

તેમણે બાળ વિવાહ પર પ્રતિબંધ મૂક્યો. આત્મનિર્ભરતા માટે તેમણે ચરખાને પ્રોત્સાહન આપતાં ગાંધીજીએ તેમના ખૂબ વખાણ કર્યા હતા. આઈઆઈએમ, આઈઆઈટી જેવી સંસ્થાઓ માટે કૉંગ્રેસને શ્રેય આપતા લોકોએ જાણવું જોઈએ કે બેંગ્લુરુમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ મહારાજા વડિયાર ચોથાનાં માતા કેમ્પન ન્જામણી દેવીનાં શાસનમાં સ્થપાયું હતું ! અને હા, હિન્દુઓને મહિલા સશક્તિકરણ અંગે ઉપદેશો આપતા લોકો પણ જાણી લે કે મહારાણી કેમ્પન ન્જામણી દેવીએ તેમના પતિ મહારાજા ચમરાજેન્દ્ર વડિયાર દસમાના અવસાન પછી વિધવા તરીકે અલગ રહેવાના બદલે ઈ. સ. ૧૮૦૫થી ઈ. સ. ૧૯૦૨ દરમિયાન શાસન કર્યું હતું. એટલે કે આઈઆઈએસની સ્થાપના પણ ભારતની સ્વતંત્રતાની ઓછામાં ઓછી અડધી સદી પહેલાં તો થઈ ચૂકી હતી.

વિચાર વલોણું

જયવંત પંડ્યા

આજેય તાલિબાનોના શાસનમાં મુસ્લિમ મહિલાઓને ભણવાના ફાંફા છે ત્યારે મહારાજા વડિયાર ચોથાએ ઈ. સ. ૧૯૧૭માં મહિલાઓ માટે વિશેષ સાયન્સ કૉલેજ બનાવી હતી ! તેમણે પણ કૃષ્ણરાજ સાગર અને મારાકોનાહલ્લી બાંધ બનાવડાવ્યો હતો. વિજ્ઞાનને પ્રોત્સાહિત કરવા સર સી. વી. રામનને રામન રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ બનાવવા ૧૦ એકર ભૂમિ દાનમાં આપી હતી. આ જ કૉલમમાં આપણે જોઈ ગયા છીએ કે જેને વૈજ્ઞાનિક અભિગમ માટે શ્રેય આપતા સેક્યુલરો થાકતા નથી તે નહેરુએ સી. વી. રામનની કેવી અવગણના કરી હતી. આનું કારણ એ હતું કે નહેરુ ઈ. સ. ૧૯૪૮માં રામનની પ્રયોગશાળામાં ગયા ત્યારે તાંબાને સોનું સમજી લીધું હતું જેના પર રામને તેમને સત્ય પરખાવી દેતાં કહ્યું હતું કે "મિ. પ્રાઈમ મિનિસ્ટર, ચળકતી બધી ચીજો સોનું નથી હોતી."

મહારાજા વડિયાર ચતુર્થના શાસનમાં મૈસૂર એશિયામાં હાઈડ્રોઈલેક્ટ્રિક વિદ્યુત ઉત્પન્ન કરનારું પહેલું રાજ્ય બન્યું હતું. (કૉંગ્રેસે વર્ષો સુધી આ પ્રૉજેક્ટ અમલમાં ન મૂકીને કોલસા પર નિર્ભરતા રાખી.) બેંગ્લુરુ એશિયાનું પહેલું મહાનગર હતું જ્યાં શેરીઓની લાઈટ હતી. (આજનું સ્માર્ટ સિટી !) અત્રે એ પણ નોંધવું જોઈએ કે કોલ્હાપુરના શાહુ મહારાજ ભોંસલે મરાઠા સમુદાયના હતા જે આજે પછાત જાતિમાં આવે છે અને મૈસૂરના મહારાજા વડિયાર ચોથા અરાસુ (ઉર્સ) જ્ઞાતિ પણ પછાત વર્ગમાં આવે છે. જો પછાત વર્ગોને આગળ આવવા ન દેવા હોય તો તેમને બ્રાહ્મણોએ- સવર્ણોએ રાજા કેવી રીતે બનવા દીધા? અંગ્રેજો વિરુદ્ધ જો મંગળ પાંડે, ચંદ્રશેખર આઝાદ, વીર સાવરકર, બાળ ગંગાધર તિલક જેવા લોકો ક્રાંતિ અને આંદોલન કરી શકતા હોય તો આ રાજાઓ વિરુદ્ધ કેમ ન કર્યું? હવે આવીએ સ્વતંત્રતા પછીના સમયમાં. આંબેડકરના નેતૃત્વમાં બંધારણ સભાએ અનામત દાખલ કરી પરંતુ સંવિધાન સભામાં માત્ર આંબેડકર જ દલિત નહોતા. અનુસૂચિત જાતિના ૩૩ સભ્યો હતા. કર્ણાટક ઉચ્ચ ન્યાયાલયના ન્યાયમૂર્તિ કૃષ્ણ એસ. દીક્ષિતે ૨૧ જાન્યુઆરી ૨૦૨૫ના દિને કહ્યું હતું કે ડૉ. આંબેડકરે ભંડારકર ઈન્સ્ટિટ્યૂટમાં બોલતા ઉલ્લેખ કર્યો હતો કે જો બી. એન. રાવે બંધારણનો ડ્રાફ્ટ તૈયાર ન કર્યો હોત તો તેને ઘડાતાં બીજાં ૨૫ વર્ષ નીકળી ગયાં હોત. કૃષ્ણ એસ. દીક્ષિતે નોંધ્યું હતું કે બંધારણની ડ્રાફ્ટિંગ કમિટીમાં બી. એન. રાવ, અલ્લાદી કૃષ્ણસ્વામી અયર, એન. ગોપાલસ્વામી અયંગર સહિત સાત બ્રાહ્મણ સભ્યો હતા.

આજે બાબાસાહેબ આંબેડકરને માત્ર દલિતોના નેતા બનાવી દેવાયા છે. અને દલિતો પણ તેમને પોતાના જ નેતા તરીકે ચિત્રિત કરે છે, હકીકત એ હતી કે આંબેડકરને મન અન્ય પછાત વર્ગ જેમને આજે ઓબીસી કહે છે તેમનું હિત પણ વસેલું હતું. બંધારણમાં અનુચ્છેદ ૩૪૦ દ્વારા સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોની દુઃખદ સ્થિતિ તપાસવા પંચ રચવાની રાષ્ટ્રપતિને સત્તા છે. આંબેડકરની વારંવાર વિનંતી છતાં નહેરુએ આવું પંચ સ્થાપવામાં સહેજ પણ રસ ન દાખવતાં (કાશ્મીર, મુસ્લિમો, સમાન નાગરિક સંહિતા સહિત અનેક બીજા મુદ્દે પણ મતભેદોના કારણે) આંબેડકરે ત્યાગપત્ર આપી દીધો હતો. તે પછી ઓબીસી નેતા આર. એલ. ચંદાપુરીએ આંબેડકરને પછાત વર્ગોની એક બેઠકમાં બોલાવ્યા હતા. આનાથી નહેરુ ચોંકી ઉઠ્યા હતા કારણકે એસ. સી., એસ. ટી. અને ઓબીસી લોકો ભેગા થાય તેવી શક્યતા ઊભી થઈ રહી હતી.

આથી દબાણ હેઠળ, નહેરુએ કાકાસાહેબ કાલેલકર પંચ તો બનાવી દીધું પરંતુ ન તો તેની ભલામણ સ્વીકારી કે ન તો તેની ચર્ચા સંસદમાં કરી. (આ રીતે લોકશાહીને દઢ રીતે અનુસરનારા હતા નેહરુ !) એક રીતે એમ પણ કહી શકાય કે નહેરુ ભલે મુસ્લિમો તરફી હતા, હિન્દુ વિરોધી હતા, પરંતુ તેઓ સવર્ણ તરફી પણ એટલા જ હતા. ૨૭ જૂન ૧૯૬૧ના દિને મુખ્ય પ્રધાનોને લખેલા પત્રોમાં તેમણે નોકરીઓમાં જ્ઞાતિ આધારિત અનામતનો કડક વિરોધ કર્યો હતો. તેનાથી લાયકાતને ઠેસ પહોંચે છે અને ઓછી લાયકાતવાળા નોકરીમાં આવી જાય છે તેમ તેમણે કહ્યું હતું. તેમણે નોકરીના બદલે શિક્ષણમાં પછાત વર્ગોના લોકોને સશક્ત બનાવવાનું સૂચન કર્યું હતું.

(સવર્ણ વિરોધી રાજકીય પક્ષો અને હિંસક સૂત્રોની વાત કરી આવતા સપ્તાહે લેખમાળા સમાપ્ત કરીશું)

jaywant.pandya@gmail.com



# નિંદક નિયરે રાખીએ... આંગન કુટી છવાય...

જૂના સમયમાં સિંહાસનની આગળ સિપાહી અને પાછળ ધર્મગુરુ કે સલાહકાર ઉભા રહેતા. આગળ શક્તિ અને પાછળ બુદ્ધિ રહેતા. જે સિંહાસનનું રક્ષણ અને સાચા નિર્ણયો લેવડાવવામાં મદદરૂપ થતા. એક મજબૂત રક્ષક અને એક ધરાતલનો જાણકાર સલાહકાર, હિતેચ્છુ કે શુભેચ્છક બાજુમાં હોવો જરૂરી છે, જેથી શાસક સુચારુ ઢબે શાસન કરી શકે. જીવનના દરેક ક્ષેત્રમાં એવા વિવેચકો કે સમીક્ષકો નજીક રાખવા જરૂરી છે જે તમને અરીસો બતાવી શકે, તમારું તટસ્થ આકલન કરતા રહે, તમને ભૂલો કરતા અટકાવે અને તમને સત્ય કહેવાની હિમત પણ રાખે. નરેન્દ્ર મોદીએ પ્રમુખ સ્વામીના નિર્વાણ વખતે એમને શ્રદ્ધાંજલિ આપતા કહ્યું હતું કે જાહેરજીવનમાં મારા ભાષણ શરૂ થયા, મુખ્યમંત્રી બન્યો, ત્યારે પ્રમુખસ્વામીજીને ટાઈમ મળે, પ્રવાસમાં હોય તો મારી પાસે ભાષણની વીડિયો મંગાવે. મને એમ થાય કદાચ સમય પસાર કરવા માટે, કદાચ કંઈક જાણવા માટે, મંગાવતા હશે અને જોતા હશે. પણ બે-ત્રણ દિવસ પછી એમનો ફોન આવે કે " ભાઈ, આ શબ્દો તારે ન બોલાય. તારે હજુ આગળ ઘણાં કામ કરવાનાં છે. તું આવી ભૂલ કરે છે ?" 'કદાચ કોઈ અખબારે પણ ધ્યાન નહીં દોર્યું હોય, કે મારા રાજનીતિક વડાએ પણ ધ્યાન નહીં દોર્યું હોય, પ્રમુખસ્વામીએ મારું ધ્યાન દોર્યું છે. એક વાર નહીં, આવી ઘટનાઓ ડઝન વખત બની હતી.' કોઈ સંત રાજ્યના વડાને આવો ઠપકો આપી શકે એ સ્થિતિ રાજનીતિમાં આદર્શ છે. સંતો માટે રાજ્યનો આદર અને રાજ્ય માટે સંતોનો અહોભાવ બંને ઉપરના સંવાદમાં છલકે છે.

વિપક્ષના વિરોધનું સ્તર સતત ગબડી રહ્યું છે. ૨૦૨૪ના લોકસભા બાદ વિપક્ષોને ખાસ કરીને કોંગ્રેસને મળેલું મોમેન્ટમ ખતમ થઇ ગયું છે. જે નાનીમોટી આશા જાગી હતી એ ઝડપથી નિરાશામાં બદલાઈ ગઈ છે. તમારાથી વધુ શક્તિશાળી સતત જીતી રહ્યો છે. શક્તિશાળી પ્રતિસ્પર્ધીનું સન્માન કરવું જરૂરી છે, વિનમ્રતાનો ગુણ રાજનીતિમાં પણ લાભકારી થઇ શકે છે. જે વિપક્ષે ગુમાવી દીધો છે. સામાવાળાનું તેની તાકાત પ્રમાણે સન્માન હકારાત્મક રાજનીતિનો એક ગુણ છે. આધાર વિનાના આક્ષેપ કે આરોપનું આયુષ્ય લાંબુ હોતું નથી. તમારે એ આરોપ લગાવીને ભાગી જવું પડે છે કે આરોપ છોડી દેવો પડે છે. તમે લગાવેલા ખોટા આરોપનો જવાબ તમારો પીછો કરે છે અને તમારે માફામાફી કરવી પડે છે, રાજનૈતિક ભાષામાં આને થૂંકેલું ચાટવું કહે છે. ચુપ રહેવાથી જેનું મન અસ્વસ્થ થઇ જાય છે એ સંભાળવાનો આદિ નથી હોતો. આ બધામાં એક દેશવ્યાપી ચર્ચા એ પણ છે કે રાહુલ ગાંધીના સલાહકાર કોણ છે ? કોની સલાહ લઈને એ રાજનીતિ કરે છે ? સામાછેડે નરેન્દ્ર મોદી વિશે દરેક રાજનીતિક આલોચક કે વિશેષજ્ઞ એક વાત જરૂર સ્વીકારે છે કે એ દરેક વાતને ખુબ ધીરજથી સાંભળે છે. સિંહાસન પર બેઠેલાએ કાન અને દિમાગ સતત અને બધા માટે ખુલ્લા રાખવા પડે છે.

બુદ્ધિને રાજકીય સમર્થન મળે તો એમાંથી મળનાર પરિણામો ઉત્તમ રહેવાના. મુઘલ સલ્તનતના હુક્કાબરદારો જેવા સલાહકારોથી અને ટેકેદારોથી ઘેરાયેલા નેતાને આની પ્રતિતી થવી મુશ્કેલ છે. આવા ટેકેદારો અને સલાહકારો માત્ર હુક્કા ભરી આપવા અને કુર્નિશ બજાવવા જ પેદા થયેલા હોય છે. નાનપણમાં વાંચેલી એક નાની વાતનો અંશ અત્યારે ખુબ પ્રાસંગિક છે....

રાજકીય રસધાર

પ્રવીણ માધાણી

"એ મોટા માથાળા" કાંઈ જવાબ નહિ.

"એ ગધા, એ મૂરખ તારું માથું ડુંગળી જેવું છે." છતાય કશો જવાબ નહિ.

સંધ્યા ટાણું થયું હતું. અંધારું પાથરવા માંડ્યું હતું. એથેન્સના સભાગૃહ તરફથી એક તેજસ્વી રાજપુરુષ પોતાના ઘરભણી જતો હતો અને પાછળ એક લોફર જેવો જુવાનીયો એને સરસ્વતી સંભળાવી રહ્યો હતો. ઘેર પહોંચતા અંધારું ઘેરું થયું, પેલો જુવાન હજુ ગાળો આપતો પાછળ આવતો હતો. ઘરમા દાખલ થતા રાજ પુરુષે દરવાનને કહ્યું, "મશાલ લાવને, આ જુવાનને ઘર સુધી મૂકી આવ."

એ રાજપુરુષ હતો એથેન્સનો નવો ભાગ્યવિધાતા, પેરીક્લીસ. સત્તા અને સંસ્કાર, વિવેક અને અધિકાર, લક્ષ્મી અને સરસ્વતીનો સંગમ. એના સત્તાકાળ દરમિયાન એથેન્સે અનેકો મહાપુરુષ પેદા કર્યા.

-- મનુભાઈ પંચોળી 'દર્શક' ના 'નગરવિધાતા' માથી સાભાર.

યથા રાજા તથા પ્રજા ઉક્તિને થોડી આગળ લઇ જવાનો સમય આવી ગયો છે, યથા નેતા તથા કાર્યકર્તા. ભારત મંડપમાં એઆઈ સમિટમાં શું શું હતું ? ત્રણ લાખ રજીસ્ટ્રેશન થયા હતા, સો થી વધુ દેશ હાજર હતા, જેમાં ઘણા યુરોપિયન દેશ પણ હતા, ચાલીસથી વધુ કંપનીના ગ્લોબલ સીઈઓ, છસ્સોથી વધુ સ્ટાર્ટઅપ્સ, ૨૦ થી વધુ હેડ ઓફ સ્ટેટ, સાઈઠ જેટલા અલગ અલગ દેશોના મીનીસ્ટરો ત્યાં સામેલ હતા જ્યાં કોંગ્રેસ કાર્યકર્તાઓ દ્વારા ટોપલેસ થઈને પ્રદર્શન કરવામાં આવ્યું. રાહુલ ગાંધીએ આ કાર્યકર્તાઓને પોરસ ચઢાવતા કહ્યું કે તેઓ બબ્બર શેર છે, ડરવાનું નથી. આ ભારતની ઈવેન્ટ હતી. ભારતીય જનતા પક્ષનો સમારંભ નહોતો. દુનિયા જેનું ભવિષ્ય જોઈ રહી છે એવા ક્ષેત્રમાં ભારતનું આયોજન, ક્ષમતા અને ગુણવતા દુનિયાને બતાવવાનો પ્રસંગ હતો. આંતરરાષ્ટ્રીય સ્તરનું આવડું મોટું પ્લેટફોર્મ બનાવનારી આ પહેલી ઈવેન્ટ હતી. ત્યાં દેશના મુખ્ય વિપક્ષના કાર્યકર્તાઓ આ પ્રકારનું પ્રદર્શન કરે એ ઘટના વિપક્ષને દેશ પ્રત્યેની ભાવના દર્શાવે છે. વડાપ્રધાનની વિરુદ્ધ પ્રદર્શન કરવાના ઘણા સ્થળો છે. આ ઈવેન્ટ દેશને દુનિયા સમક્ષ રાખી રહી હતી. વિરોધનું સ્તર અને સ્થળ બંને વિવેકબુદ્ધિ આધારે નક્કી કરવું જરૂરી છે.

**ક્વિક નોટ - નિંદક નિયરે રાખીએ આંગન કુટી છવાય, બિન પાની, સાબુન બિના, નિર્મલ કરે સુભાય.**
**"નિંદક નિયરે રાખીએ" એ સંત કબીરનો પ્રખ્યાત દોહો છે, જેનો અર્થ છે કે તમારી ટીકા કરનારને હંમેશા તમારી નજીક રાખવો જોઈએ. તે સાબુ કે પાણી વગર જ તમારી ખામીઓ બતાવીને તમારા સ્વભાવને નિર્મળ બનાવે છે.**

production@infiniumpharmachem.com

# તમને મેસેજ કરું તો જવાબ આપો ?

(૧) બધાને પ્રિય લાગવું હોય તો શું કરવું પડે?
દર્શન પટેલ (વડોદરા)
તમારું નામ પ્રિય રાખી દો. પછી જોજો તમે બધાને પ્રિય જ લાગશો!

(૨)હમણાં સાવ નવરો છું. સમય પસાર થાય એવી કોઈ પ્રવૃત્તિ બતાવશો?
રામભાઈ પટેલ (સુરત)
આઘાપાછી કરો.

(૩)ધરતીને પાતાળ સુધી ખોદી નખાય તો નીચે શું જોવા મળે?.
રમેશભાઇ એમ.રાવલ (બગસરા)
કદાચ ત્યાં બલિરાજા બેઠા હોય!

(૪)આજના યુવાનોનો સળગતો સવાલ કયો છે?
રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)
એ જ કે ક્યાંયથી ઠરેલા જવાબ કેમ મળતા નથી?!

હાસ્યાય નમઃ

ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૫)વાંદરો આપણા હાથમાંથી ફોન ઝૂંટવી ને નાસી જાય તો ફરિયાદ કરી શકાય?
કનુભાઈ પરમાર (દામનગર )
ફોન બીજો લઈ લેજો ભાઈ..પણ વિચાર કરો કે વાંદરા ફોન ઝૂંટવી જાય તો જીવવું કેમ?!

(૬)માણસના પૂર્વજો આદમ અને ઈવ છે તો પછી આ જ્ઞાતિના વાડા કેમ પડી ગયા?
ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)
બન્ને નામના પહેલા અક્ષર જુઓ. આ અને ઈ!

(૭) મેં મૂછાળા મેનામાસીની વાર્તા વાંચી છે તો એ કેવાં હોય?
ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા )
આનો જવાબ માસા પાસે પણ નથી તો મારી પાસે ક્યાંથી હોય?

(૮)સાહેબ! ફેર ફુદરડી ફરવામાં ફેર ચડે તો ફેરા ફરવામાં ફેર કેમ ન ચડે?
ધોરાજીયા ચંદ્રકાન્ત એન. (સાજણટીંબા)
ફેર ન ચડે એટલા માટે જ ગોરદાદા એકધારા મંત્ર બોલ્યા કરે છે!

(૯)મોબાઈલમાં કેવી રિંગ રાખવી કે જે બીજા કરતાં અલગ હોય?
નીરવ ડણાક (અમદાવાદ)
ઓફિસમાં બોસ ખીજાતા હોય એની રિંગ બનાવો.. બોસ ખીજાય એવા ન હોય તો પત્નીનો અવાજ પણ ચાલે.

(૧૦)તમને મેસેજ કરું તો જવાબ આપો?
રમાબેન પટેલ (અમદાવાદ)
હા, પણ પછી હમમ હમમ ન લખ્યા કરતા.

(૧૧) ભૂખ્યા બેઠા બેઠા મોબાઈલનો ટફન ગ્લાસ મગાવવો કે નહી એ વિચારું છું. શું કરવું?
ટફન ગ્લાસનું રહેવા દો. ટિફિન મંગાવી ને જમી લો.
શૈલેષ દવે (અમરેલી)

(૧૨)ટ્રંપ ટેરિફ યુદ્ધ કરે છે એને અટકાવવા તમે શું કરી શકો ?
રાજુ એન. જોષી ધરાઈ (બાલમુકુંદ)
હું અમેરિકાવાળા સવાલ પૂછે ત્યારે એના જવાબ પર ટેરિફ નાખવાનો છું.

(૧૩)હવેથી ઘરમાં ફર્નિચર શું કામ થાય છે?
માહીબેન ડણાક (અમરેલી)
નિશાચર(ચોર)ને ગોટે ચડાવવા.

(૧૪)આટલું શ્વાન શ્વાન સાંભળી તમને સપનામાં તો શ્વાન નથી આવતા ને?
મીરાંબેન મેતરા (સુખપુર)
ના, શ્વાનને સપનામાં હું આવતો હોઉં તો ખબર નથી.

(૧૫) ઘરનાં દેવી યુધ્ધે ચડે ત્યારે?
જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)
બિવડાવો મા બેન!

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# હોળી ખેલત નંદલાલ... રાધિકા તેરે ગાલ પે ઉડે રે ગુલાલ...!



સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

શ્રીકૃષ્ણના પોતાના કેટલાક પ્રિય તહેવારોમાં ધૂળેટીનો તહેવાર આવે છે. કૃષ્ણ વિષ્ણુનો રંગરસીયા તરીકેનો અવતાર છે. જીવનના સર્વ રંગોને આત્મસાત કરીને જગત પર એ જ રંગો છાંટવામાં કૃષ્ણને અધિક રસ છે. કૃષ્ણ રંગરાજ છે અને રસરાજ પણ છે. રામ તો જાણે કે એક નિરંગી પ્રતિભા છે. એને સંસારના શાંત વહેતા સરયૂ જેવા પ્રવાહમાં જ રસ છે. કૃષ્ણને તો દરેક રંગ અને એ રંગની લીલામાં રસ છે અને એટલે જ કૃષ્ણને પૂર્ણ પુરુષોત્તમ કહેવામાં આવે છે. રામને મર્યાદાપુરુષોત્તમ કહેવામાં આવે છે. રામ જીવનની ગંભીરતાનો અધ્યાય છે અને કૃષ્ણ જીવનની પ્રત્યેક ક્ષણનો ઉત્સવ છે. ભારતીય સંસ્કૃતિએ રામ અને કૃષ્ણ બંનેને આત્મસાત કરીને સભ્યતા વિકસાવી છે.

વૃંદાવનની કુંજગલીઓમાં ગોપીઓ રંગ ભંડાર છુપાવી રાખે છે. કૃષ્ણ બહુ જ નટખટ છે. સહુ જાણે છે અને ગોપીઓ વધુ સારી રીતે જાણે છે. કૃષ્ણને ગોપી જે રંગે રંગવા જાય, એ રંગે એ પોતે જ રંગાઈને આવે એ જોઈને સખીઓ એની મજાક ઉડાવે છે. આ બધી ગોપીઓમાં રાધિકા સહુથી અનોખી છે. રાધાને રંગ ઉડાડવાનો મોહ નથી. એ તો કૃષ્ણના રંગે રંગાઈ ગયેલી છે. આપણા મધ્યકાલીન કવિઓએ કૃષ્ણ અને રાધિકાના અજબ પ્રણય ગીતો ગાયા છે. રાધા કહે છે કે આંખમાં અંજન છે ને કૃષ્ણનો વિયોગ છે. કૃષ્ણ તો શ્યામ છે અને શ્યામરંગમાં એનો નિત્ય વિલાસ છે. જો વિયોગમાં સહેજ અશ્રુ સરી પડશે તો આંખમાં શ્યામ અંજનની સાથે ક્યાંક કૃષ્ણત્વ પણ વહી જશે તો ? એટલે અપલક નેત્રે રાધા કૃષ્ણની રાહ જુએ છે. વિયોગ તીવ્ર છે પણ આંખમાંથી અશ્રુ સરી ન પડે એની સાવધાની પણ છે. કૃષ્ણપ્રીતિની કમાલ જ એ છે કે પહેલી પગથારે કે થોડા પગથિયા આગળ વધ્યા પછીના પહેલે પોરે જ કૃષ્ણનો રંગ લાગી જાય છે. મીરાંબાઈને કૃષ્ણનો રંગ બહુ નાની ઉંમરે લાગ્યો ને એવો તો એ રંગ ઘૂંટાતો ગયો કે પછી સંસારના મોટા મહેલોના હજાર રંગો એના પર ઢોળાયા તો પણ શ્યામ સિવાયનો બીજો એકેય રંગ મીરાંને લાગ્યો નહિ. આમ પણ શ્યામ રંગ પર બીજો ડાઘ લાગતો જ નથી. એટલે જ મીરાંએ કહ્યું... દૂજા દાગ ન લાગે કોઈ...! વૃંદાવનની સખીઓ ધૂળેટીના પ્રભાતે ગાયો ચરાવતા નંદલાલને ઘેરી વળે છે અને મુક્તછંદમાં હોરીના ગીતો લલકારે છે. આપડે ત્યાં ગુજરાતીમાં બહુ પહેલાના જમાનામાં ઘેરૈયાના ગીતો હતા જે ધૂળેટીના દિવસે શેરીઓમાં ગવાતા. હવે એમાંના મોટાભાગના ગીતો લુપ્ત થઈ ગયા છે. પરંતુ વ્રજભાષામાં અને રાજસ્થાની બોલીઓમાં હોરીના ગીતોની બહુ જ મોટી અને ઉજ્વળ પરંપરા છે જે આજેય જળવાયેલી છે. આપડે સૌરાષ્ટ્રમાં આઠ્મનો તહેવાર દિવાળીથી પણ મોટો છે અને બહુ ધામધૂમથી આપડે જન્માષ્ટમી ઉજવીએ છીએ. કારણ કે આખા સૌરાષ્ટ્ર પર દ્વારિકાધીશની ધજાનો પડછાયો પડે છે. દ્વારિકા કૃષ્ણની પસંદગી છે. આખા જગતને પોતાના ઐશ્વર્યનું દર્શન કરાવ્યા પછી છેવટનું સુખ લેવા માટે કૃષ્ણે સૌરાષ્ટ્રના સાગર કિનારાની પસંદગી કરી છે. વૈચારિક અને નૈતિક રીતે તો સમગ્ર ભારત વર્ષ પર કૃષ્ણનું એકચક્રી શાસન હતું ત્યારે સોનાની દ્વારિકામાં તેમણે પોતાના ઉત્તર જીવનનો વિશ્રામ લીધો હતો. એ હતું તો ઉત્તર જીવન તો પણ પૂર્ણ યૌવનથી છલકતું હતું. અષ્ટપટરાણીઓ સાથેના એમના એ જીવનની યશોગાથાઓ વેદ વ્યાસે અને શુકદેવે બુલંદ સ્વરમાં લલકારી છે. કૃષ્ણ જીવનની રસિકતાના અધિષ્ઠાતા છે. તેમણે માનવજાતને આ જીંદગીને એક ગગને ઝુલતા હિંચકાના હિલ્લોળ જેવી બતાવી છે. તેમણે સમૂહ જીવનનો સદાય પુરસ્કાર કર્યો છે. ગોપ બાલ-બાલિકાઓ સાથે તેમણે રમતા રમતા શૈશવ વીતાવ્યું છે. નંદ અને યશોદાના લાડકા હોવા છતાં ગોકુળના બધાને કાનો પોતાનો લાગે છે. આજે માતા-પિતાના વધારે પડતા લાડકોડમાં ઉછરતા બાળકો બાઘાછાપ થઈ જાય છે કારણ કે તેઓનામાં એકલવાયી જિંદગીનો મોહ પ્રવેશે છે. સમૂહ જ જિંદગીની એક મજા છે. કૃષ્ણ કંઈ એકલા સાંદિપની પાસેથી જ બધી વિદ્યા મેળવી ન શકે. ગોકુળની એકેએક શેરીમાંથી કૃષ્ણને કંઈ ને કંઈ પાઠ મળ્યા હોય તો જ એ યુદ્ધના મેદાન વચ્ચે ગીતાનો ઉદઘોષ કરી શકે. રાજસ્થાનના હોરી ગીતોમાં કૃષ્ણના બહુ તોફાની વર્ણનો છે. આમ જુઓ તો હોરી અથવા ધૂળેટી એક પ્રકારનો વસંતોત્સવ જ છે. વનમાં અનેક વનસ્પતિઓ રંગના રસાયણો ધરાવે છે. માત્ર ફૂલો જ નહિ, વૃક્ષવલ્લરીના પાંદડાઓ પણ કુદરતી રસાયણયુક્ત છે. કેસૂડાં તો રંગોના રાજા છે અને ધૂળેટીમાં સદીઓ સુધી ગુજરાતે કેસૂડાના ફૂલોથી સ્નાન કરેલું છે. પરંતુ હવે કુદરતી રંગો વીસરાઈ ગયેલા છે એ અલગ વાત છે. વસંત ઋતુનો જ એક ગુણ એવો છે કે મનમાં રંગની છાલક ઉડે છે. બહારના રંગો તો ખરેખર ભીતરના રંગોનો પડછાયો માત્ર છે. વસંત કે જે માનવ હૃદયને પુષ્પની જેમ પ્રસન્નતાનો પર્યાય બનાવે છે એ જ તો આ દિવસોની અને આ મોસમની મહત્ ઉપલબ્ધિ છે. આ દિવસોમાં રાજસ્થાનમાં ફાગ ખેલવામાં આવે છે. માનવ જીવનના અંતરંગ ભાવને ફાગમાં વ્યક્ત કરવામાં આવે છે. ફાગુ શબ્દ ખરેખર તો એક મધ્યકાલીન કાવ્યપ્રકાર પણ છે. વિખ્યાત કાવ્ય વસંત વિલાસ એક પ્રકારનું ફાગુ કાવ્ય જ છે. ફાગણ મહિનો રાજસ્થાનની પ્રજા માટે મિલનનો માસ છે. પિયુ દૂર દેશ ગયો હોય તોય જેવો ફાગણ મહિનો બેસે કે પરણિતાના મોભારે કાગડો બોલવા લાગે. પ્રિયતમના આવવાની એંધાણી જોઈને પરણિતા ઘરને શણગારે છે. આપડે ત્યાં રાજસ્થાની લોકો બહુ છે. તેઓ હોળીના તહેવાર પર વતન જતા રહે છે. નાનામાં નાનો માણસ પણ હોળી વતનમાં જ ઉજવે છે. એક જમાનામાં આપડે આઠ્મનો જે મહિમા હતો એવો આ મહિમા છે જે રાજસ્થાની લોકોએ જાળવ્યો છે. જેના હૈયે હિલ્લોળ છે એની તો આ જિંદગી છે. આપડી આસપાસ ઉદાસ રહીને ઠેબે ચડતા લોકોથી જાતને બચાવવાની મોસમ છે. હોય છે તો આસપાસમાં જ કોઈ જે તમારા કોઈ પણ શુભ સંકલ્પ કે પ્રયાણ ટાણે બોલતા હોય છે કે રહેવા દો ને યાર, જે છે તે ઠીક છે. આ એ લોકો હોય છે જેઓ કદી ઊંચા ગિરિશિખરોને અડતા નથી કારણ કે તેઓ સફળતાથી ડરે છે. આમ ગળે ન ઉતરે એવી વાત છે પણ સફળતાથી ડરનારા લોકોય હોય છે. એમના સંગથીય બચવાની આ મોસમ છે. જિંદગી સદાય ભવિષ્યમાં ઝંપલાવવાની આપડને તાકાત આપે છે. વસંત ઋતુ પાસેથી એ તાકાત જ આ મોસમની આપડી કમાણી હોવી ઘટે. ■

# રાત્રે ચોરાનો ચોક હકડેઠઠ ભર્યો હતો




લઘુનવલકથા



યોગેશ પંડયા

ટ્રેન ઝડપથી દોડતી હતી. પરંતુ આનંદનું મન એથી વધુ ઝડપથી દોડતું હતું. રસ્તો ઝડપથી કપાતો ગયો. સાંજે જ્યારે ઘરે પહોંચ્યો ત્યારે રાવજીભાઈ અને કંકુબહેન વાળુ કરવા જ બેસતાં હતાં. આનંદને અચાનક જોઈને તેમને અચંબો થયો.

“લે, તમે?કેમ ઓચિંતા?

“હા, રજા પાડવી પાલવે તેમ નહોતું.”

“સરસામાન મેડે મૂકતા આવો. પછી ત્રણેય જણ હાર્યે જ વાળું કરી લઈએ.‘

“કેમ રૂપા દેખાતી નથી?” આનંદે બ્હાવરી આંખે આમતેમ જોતા પૂછ્યું;”ક્યાંય બહાર ગઈ છે ?”

“ઈ તો એના મામાને ત્યાં ગઈ છે.” કંકુબહેને કહ્યું.

“ઓહ.” આનંદે નિઃશ્વાસ નાખ્યો.

“એના મામા આવ્યા‘તા. તે તેડી ગયા. તમે ઘરે ન હો, અમે વાડીએ હોઈએ. એકલી કંટાળી ગઈ હતી. કાલ-પરમ દી“ આવવી જોઈએ.”

“હાલો, વાળુ કરવા.‘ રાવજીભાઈએ કહ્યું અને તે લુસ લુસ ખાવા માંડયો.

“આમ તો થોડુંક વહેવારિક કામેય હતું. આનંદભૈ.! રાવજીભાઈ બોલ્યા.

“શું?” આનંદે પૂછ્યું, પણ ત્યાં જ કંકુબહેન હોંશભેર બોલ્યાં, ‘મારા ભાઈનાં સાસરિયામાં એક મુરતિયો છે. એટલે ખાસ મારા ભાઈ આવેલા. ઘરબાર મુરતિયો બધું જ સારું છે. તે રૂપલીને હારોહાર મોકલી.”

મન વિષાદની હેલીમાં તરબોળ હતું. ઊંઘ તો આજ આવવાની જ નહોતી. મળસ્કે ઊંઘ આવી. બીજા દિવસે શાળાએ ગયો. વાતવાતમાં ચંદ્રકાન્તભાઈએ યાદ અપાવ્યું, “પછી પેલી એસટીની વાત, વીસરી તો નથી ગયાને?”

આનંદને ઓચિંતાનું યાદ આવી ગયું. “ઓહ હા, રસ્તા તો તૈયાર થઈ જશે સાહેબ, એની ચિંતા નથી.“આગળ કશું બોલ્યા વગર આનંદ ક્લાસરૂમમાં ચાલ્યો ગયો, પણ ભણાવવામાં મન લાગ્યું નહીં. પાંચ વાગ્યે નિશાળ છૂટી અને તે સરપંચને ઘેર ગયો. સરપંચને મળી વાત કરી, ‘નાનામોટા બધા જ ચોરે આવે. સભા રાખવી છે. રસ્તો રિપેર કરવા માટે.”

“પણ એમાં લોકોની ક્યાં જરૂર પડશે?”

“એતો હું એ વખતે સમજાવીશ, પણ તમે ઢોલ વગાડીને ગામમાં જાણ કરી દો કે ચોરે બધાએ રાતે ભેગું થવાનું છે. બીજી કોઈ ચિંતા નહીં કરતા.“કહી આનંદ પોતાના ઘરે ગયો.

★★

રાત્રે ચોરાનો ચોક હકડેઠઠ ભર્યો હતો. આનંદે વાત શરૂ કરી, ‘ભાઈઓ અને બહેનો, માતાઓ તથા વડીલો, આઝાદીને વરસોનાં વહાણાં વાઈ ગયાં પણ આપણા ગામમાં બસની સગવડ નથી. તે દિવસે ડેપો મેનેજર આવ્યા. તેમણે રસ્તાનો વાંક કાઢ્યો. એમની વાત સાચી છે. રામગઢથી બાદલગઢના મારગની હાલત ખરાબ છે. એટલે એ રસ્તા ઉપર તેઓ બસ દોડાવવાની હિંમત ન કરી શકે.વોંકળાં છે, ચીકણી માટી છે, ગરનાળા ઉપરથી પાણી વહે છે. રસ્તા ઉપર પણ પાણી ફરી વળ્યાં છે એટલે એમણે સ્પષ્ટ ના પાડી દીધી, પણ આપણે હિંમત હારવાની નથી. તેમને રસ્તો આપણે ચીંધી, બસ દોડાવવાની ફરજ પાડવાની છે. આપણે સહિયારો પ્રયત્ન કરવાના છે. અને એ માટે અહીં આજ બધાને ભેગા કર્યા છે.’ “હું રાજકારણી નથી. કોઈ મહાન માણસ પણ નથી. હું એક શિક્ષકનો જીવ છું, પણ આ ગામ પ્રત્યે મને લાગણી છે, પ્રેમ છે. આ ગામમાં રહું છું એટલે આ ગામનો માણસ પણ છું. મારે તો બસ તમને એટલું જ કહેવાનું છે, કોઈ પણ ભોગે આ ગામમાં એસટીની બસ ચાલુ થવી જોઈએ. આ વ્યક્તિગત સગવડની વાત નથી. ગામ સમસ્તની સગવડ માટેના પ્રયત્નો છે. તો ઘરદીઠ માત્ર પાંચ કે દસ રૂપિયા ઉઘરાવીને અહીં આપી દેશો તો ગામમાં દોઢસો જેટલાં ઘર છે એટલે પંદરસો રૂપિયા ભેગા થશે. એટલે છ કિલોમીટરના રસ્તામાં જે જે જગ્યાએ પાણી ભરાય છે ત્યાં પથ્થર, સિમેન્ટનું પાક્કું ચણતર કરી સિમેન્ટ કોન્ક્રેટ થી રસ્તો રિપેરિંગ કરી આપશું.. અને બાકીના નિશાળના છોકરાઓ તથા જે યુવાનો પંદરવીસ જણ છે એ લોકો બબ્બે કલાક મને ફાળવશે તો અઠવાડિયામાં રસ્તો કરી, ઉપર જાણ કરી દઈશું. બોલો છે મંજૂર?’

આનંદનો આ વિચાર ગામલોકોને શીરાની જેમ ગળે ઊતરી ગયો.

જવાબમાં બધેથી સમર્થન મળી ગયું.

“તો સૌપ્રથમ આ ડબ્બામાં હું જ વીસ રૂપિયાની પહેલ કરું છું.” કહી આનંદે પેટીમાં વીસ રૂપિયા જમા કર્યા. એની વાણીની ગાઢ અસર ઊભી થઈ. લોકો હોંશે હોંશે પૈસા પેટીમાં નાખતા રહ્યા. પરિણામે આનંદનો લક્ષ્યાંક સિદ્ધ થઈ ગયો.. આવતીકાલે પથ્થર નખાવવાની લોકો સમક્ષ માગણી મૂકી, ચોમાસાનું ટાણું હતું છતાં ચારપાંચ ગાડાં અને પચ્ચીસેક જુવાનિયા તૈયાર થયા. બીજા દિવસથી સહિયારો પુરુષાર્થ શરૂ થઈ ગયો. કામ ઉપર દેખરેખ રાખવા આનંદે એક ટાઈમ જમવાનુંય છોડી દીધું હતું. કામ પૂરું થતાં શિક્ષક પ્રભુદાસને મોકલીને વાહનવ્યવહાર મંત્રીને તથા ડેપો મેનેજરને કામ પૂરું કર્યાની ખબર આપી. ડેપો મેનેજરે એની પીઠ થાબડતાં કહ્યું, ‘તમને. “તું...” કહેતાં મને હોંશ ચડે છે આનંદ ! પણ તારી જેવડી ઉંમરની વ્યક્તિમાં આટલી લીડરશિપ, હોંશિયારી અને વિવેકબુદ્ધિ અને કાર્ય કરી શકવાની તાકાત અને શક્તિ હોય એવું હું માની શકતો નથી.‘ આજે તારો પુરુષાર્થ અને ધ્યેય હાંસલ કરવાનો જુસ્સો અને મહત્ત્વાકાંક્ષા જોઈને તને દાદ આપવાનું મન થઈ જાય છે.”

“આપનો આભાર સર, પણ ગામને પડતી હાલાકીઓથી હું ખરેખર દુઃખી થઈ ગયો હતો. ગામલોકોની દુઆ તમારી પ્રગતિમાં વધારો કરશે. બસ ક્યારે શરૂ કરો છો સાહેબ?”

“ હુકમ થતાં અઠવાડિયું નીકળી જશે.”

ખરેખર અઠવાડિયા પછી બાદલગઢમાં પાદરમાં ઊભેલી એસ.ટી .બસને જોઈને ગામના આબાલવૃદ્ધો, સ્ત્રીપુરુષોનાં હૈયેથી જે દુઆ ઊઠી તે દુઆનો ભાગીદાર હતો એક આનંદ, બીજો ડેપો મેનેજર! એક મહાન સત્કર્મ કર્યાનો પરિતોષ આનંદના ચહેરા પર ઝળકતો હતો. અને ત્રીજે દિવસે એ જ બસમાંથી રૂપા ઊતરી ત્યારે આનંદને લાગ્યું કે આટલા દિવસ સુધી હૈયાના સૂનાં બગીચામાં રૂપા નામની કોયલે આવીને એ બગીચાને પોતાના સૂરીલા ટહુકારથી ભર્યો ભર્યો કરી દીધો છે.. રૂપા ના વસ્ત્રોમાંથી આજે આવી રહેલી કોઈ મીઠી મીઠી સોડમે તેના અંતર તલને બાગ બાગ કરી દીધું! (ક્રમશઃ) ■

# બિયર આમ ન પીવાય, ભાભી થોડો મોટો ઘૂંટડો ભરો....



# રાખનાં રમકડાં

ધારાવાહી નવલકથા



અમૃત પરમાર

મહેશે આવું બોલતા હવે શાંતુએ તેનું બિયર કેન હાથમાં પકડયું, પછી હોઠે ધરી નાની એવી ચૂસકી જ ભરી. એની જીભ પર ચચરી ઊઠી એટલે મોઢું થોડું બગડી ગયું. આવું જોઈ મહેશે હસતાં કહ્યું : “બિયર આમ ન પીવાય, ભાભી ! થોડો મોટો ઘૂંટડો ભરો....”

“મારાથી વધારે ન લેવાય, મારે તો તનેય સાચવવો પડે ને ! તું પીવા માંડ, હું તને સાચવી લઈશ....બસ ! બાકી નશો એટલે નશો...”

“હું તો પી જ રહ્યો છું, મને તો ખૂબ જ મજા આવે છે.”

“બસ..., તારે તો મજા જ કરવાની છે, જુવાન છોને એટલે ખૂબ મજા કરી લે. સાથે સાથે મને પણ મજા કરાવવાની છે, સમજ્યો...?”

“હું કયાં ના પાડુ છું...” મહેશ બોલ્યો.

“હવે તું એક કામ પહેલાં જરા ઊભો થઈને આપણા ડેલાને અંદરથી બરાબર બંધ કરી દે. પછી સાવ જ નિરાંત...” શાંતુએ કહ્યું.

મહેશ તરત જ ઊભો થયો ને શરીરને સમતોલ રાખી તે બહાર દરવાજા તરફ ચાલ્યો. બરાબર આ સમયનો લાભ લઈ શાંતુએ તેનું બિયર કેન મહેશ બેઠો હતો ત્યાં મૂકી દઈ, મહેશનું બિયર કેન પોતે લઈ લીધું. જેમાં થોડું જ બિયર બચ્યું હતું. ત્યાં તો મહેશ પાછો આવ્યોને તેની જગ્યાએ બેસી ગયો. આવતાવેંત - બેસતા વેંત જ ભાભી સામે નજર કરી કહ્યું : “બિયર છે તો બહુ જ સરસ હો ભાભી, આટલું અમથું દરવાજા સુધી હું ચાલ્યો તો એવું લાગ્યું કે હું જાણે હવામાં ઊડતો હોઉં. અને બીજું એ કે હું જયાં જોઉં છું ત્યાં બધુ ડબ્બલ ડબ્બલ અને વિચિત્ર દેખાય છે. શું... બિયર પીવાથી આવું આવું થાય... ભાભી ?”

“બિયર પીવાથી નશો તો થાય જ, પરંતુ રંગીલો નશો થાય છે. દારૂ જેટલો નશો ન થાય. અને આ નશો બે - ત્રણ કલાક સુધી મસ્ત રહે છે. એટલે થોડો સમય તો તને આવું બધું થશે, એવું ચક્કર જેવું પણ થશે. સાચું કહેજે, તને મજા આવે છે ને....?”

“અરે ભાભી...! વાત જ જવા દો. મન તો અત્યાર બે - બે ભાભી દેખાય રહ્યા છે. ખૂબ જ મજા આવે છે. અત્યારે હું સાવ હળવો ફૂલ જેવો થઈ ગયો છું. આ જુઓ, આમ હું મારો હાથ પછાડું છું તો પણ મને દર્દની જરાય ખબર નથી પડતી, જરાપણ દુઃખાવો નથી થતો...” આમ બોલતાંની સાથે મહેશે તેને હાથ ટેબલ પર જોરથી પછાડયો. પછી ખડખડાટ હસવા લાગ્યો.

મહેશની આવી વર્તણુંક જોતાં શાંતુ ખુશ થઈને પછી તરત જ બોલી : “આ વર્તન કરવું તારા માટે સારૂં નથી, મહેશ... રહેવા દે... આમ હાથને પછાડાય નહીં, તારે તારી તાકાતનું પ્રદર્શન બતાવવાનું હજી બાકી છે, થોડીવાર પછી બરાબર ચાલ..., હવે તું તારા બિયરનું કેન ખાલી કર....”

“અરે.... વાતો વાતોમાં પીવાનું તો સાવ ભૂલી જ ગયો, સોરી ભાભી...! એમ બોલતાની સાથે તેણે કેન મોઢે માંડયું. પછી તો ઘૂંટ પર ઘૂંટ પીવા જ માંડયો એટલે મહેશનો સાચો રંગ તો હવે જ પૂરપૂરો ખીલ્યો હતો. સાચે જ તે ભાન ભૂલવા લાગ્યો હતો. થોડીવાર તે છતને તાકી રહેતો તો થોડીવાર શાંતુને ! ને પછી થોડીવાર ફર્સને તાકી રહેતો. વળી આવું બધું કરતા કરતા તે તેની આંખો પણ બંધ કરી દેતો હતો.

શાંતુ પાસે પડેલું બિયરનું કેન કે જેમાં માત્ર ઘૂંટડો જ બિયર હતું તે શાંતુએ તેના મોઢે માંડી એક ઘૂંટમાં જ પૂરૂં કરી નાખ્યું ને પછી ખાલી થઈ ગયેલું કેન મહેશને બતાવતાં શાંતુએ કહ્યું : “ચાલ.... મારી સામે જો, મેં મારૂ બિયર પી લીધું છે. હવે તું પણ તારૂં બિયર પૂરૂં કરી નાખ....”

“બસ ભાભી બસ....! તમે તો મારાથી પણ જબરા નીકળ્યાં હોં ! ખૂબ જ ઝડપ કરી. તમને મજા તો આવે છે ને ? ચાલો, હવે હું પણ બિયર પૂરૂં કરૂં આમ બોલતાંની સાથે એકી શ્વાસે મહેશ બધું બિયર ગટગટાવી ગયો.

અત્યારની મહેશની સ્થિતિ કેવી હતી ?!

તે થોડું થોડું ચાલી શકે, થોડું થોડું બોલી શકે, થોડું થોડું સાંભળી શકે... અને આંખો તો માંડ અર્ધી જ ખૂલ્લી રહેતી. એવી સ્થિતિ મહેશની થઈ હતી આમ જુઓ તો બિયરના બે કેન તેના પેટમાં ગયા હતા એટલે આવો નશો તો રહે જ ને...?

“બિયર હવે પૂરૂં થઈ ગયું મહેશ..., ચાલ.... હવે તને જે ભાવે તે થોડું થોડું ખાઈ લે, પછી નિરાંતે પથારી ભેગા થઈએ....”

“મારે હવે જરાય ખાવું નથી, ભાભી....”

(ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# ભારત-જાપાન વ્યૂહાત્મક ભાગીદારી: ઉત્તર-પૂર્વ ભારત હવે દક્ષિણ-પૂર્વ એશિયાનું પ્રવેશદ્વાર બનશે

નવી દિલ્હી,તા.૨૮

ભારત સરકારની 'એક્ટ ઈસ્ટ પોલિસી' હેઠળ ઉત્તરપૂર્વના આઠ રાજ્યોને વિકાસના મુખ્ય પ્રવાહમાં લાવવા માટે જાપાન એક મહત્વપૂર્ણ ભાગીદાર તરીકે ઉભરી આવ્યું છે. તાજેતરમાં શિલોંગમાં આયોજિત 'ભારત-જાપાન બૌદ્ધિક સંમેલન'માં જાપાનના ઉપવિદેશ પ્રધાન હોરી ઈવાઓએ જાહેરાત કરી હતી કે જાપાન ઉત્તરપૂર્વ ભારતને બંગાળની ખાડી અને



હિંદ મહાસાગર સાથે જોડવા માટે સંપૂર્ણ સહયોગ આપશે. ઉત્તરપૂર્વ ભારતને દક્ષિણપૂર્વ એશિયાના પ્રવેશદ્વાર તરીકે વિકસાવવામાં આવશે. આ પ્રદેશને બાંગ્લાદેશ, નેપાળ અને ભૂતાન સાથે જોડીને એક વિશાળ 'ઈકોનોમિક હબ' બનાવવાની યોજના છે. ભારત અને જાપાન બંને ક્વાડના સભ્યો હોવાથી, ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં સ્થિરતા અને કનેક્ટિવિટી વધારવી એ બંને દેશોનું સમાન લક્ષ્ય છે.

વડાપ્રધાન મોદી દ્વારા ૨૦૧૪માં શરૂ કરાયેલી 'એક્ટ ઈસ્ટ પોલિસી' હવે માત્ર સાંસ્કૃતિક સંબંધો પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે વ્યૂહાત્મક અને આર્થિક વિકાસના 'પાવરફુલ એન્જિન' તરીકે કાર્ય કરી રહી છે. જાપાનની આ પ્રતિબદ્ધતાથી આ ક્ષેત્રમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રોજગારીની નવી તકો ઉભી થશે.

# રાજ્યમાં બે વર્ષમાં ૬.૯૨ લાખ યુવાનોની નોંધણી સામે ૫.૮૩ લાખને મળી રોજગારી

ગાંધીનગર,તા.૨૮

ગાંધીનગર ખાતે ચાલી રહેલા વિધાનસભા સત્ર દરમિયાન રાજ્યના મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ રોજગારી અંગેના પ્રોત્સાહક આંકડા રજૂ કર્યા હતા. છેલ્લા બે વર્ષમાં રાજ્યની રોજગાર કચેરીઓ દ્વારા યુવાનોને સ્વાવલંબી બનાવવા માટે સઘન પ્રયાસો કરવામાં આવ્યા છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે છેલ્લા ૨૪ મહિનામાં રાજ્યમાં કુલ ૬,૯૨,૬૨૧ ઉમેદવારોએ રોજગાર



કચેરી ખાતે પોતાની નોંધણી કરાવી છે. આ નોંધણીનું વર્ગીકરણ શિક્ષિત યુવાનો: ૬,૨૮,૭૨૯, અર્ધશિક્ષિત યુવાનો: ૬૩,૮૯૨. સૌથી મહત્વની બાબત એ છે કે આ સમયગાળા દરમિયાન કુલ ૫,૮૩,૪૯૫ યુવાનોને વિવિધ ક્ષેત્રોમાં સફળતાપૂર્વક રોજગારી પૂરી પાડવામાં આવી છે, જે રાજ્યની મજબૂત આર્થિક સ્થિતિ અને અસરકારક વ્યવસ્થાપન દર્શાવે છે.

રાજ્યના યુવાનોને મુખ્યત્વે મેન્યુફેક્ચરિંગ, ઓટોમોબાઈલ, ટેક્સટાઈલ, આઈ.ટી., બેંકિંગ અને વીમા જેવા ખાનગી ક્ષેત્રોમાં કારકિર્દી બનાવવાની તક મળી છે. આ ઉપરાંત, રાજ્ય સરકાર દ્વારા ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC), ગૌણ સેવા પસંદગી મંડળ અને પોલીસ ભરતી બોર્ડ દ્વારા પારદર્શક રીતે સરકારી ભરતીઓ પણ સતત ચાલુ રાખવામાં આવી છે.

ડિજિટલ ઈન્ડિયાના વિઝનને સાકાર કરવા માટે રાજ્ય સરકારે 'અનુબંધમ' વેબ પોર્ટલ કાર્યરત કર્યું છે. યુવાનો હવે ઘરે બેઠા ઓનલાઈન નોંધણી કરી શકે છે અને પોતાની લાયકાત મુજબ ઉપલબ્ધ જગ્યાઓ વિશે માહિતી મેળવી શકે છે.

# અમદાવાદના સેટેલાઈટમાં બોગસ કોલસેન્ટર અને ગાંજાના નેટવર્કનો પર્દાફાશ

અમદાવાદ, તા.૨૮

અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં શુભદર્શન સોસાયટીની ઓફિસમાં ચાલતા ગેરકાયદે કોલસેન્ટર પર પોલીસે દરોડા પાડ્યા છે. મુખ્ય આરોપી



કૃણાલ દેસાઈ સહિત ચાર શખ્સો અમેરિકન નાગરિકોને લોન આપવાના બહાને છેતરતા હતા. આશ્ચર્યજનક રીતે, આ આરોપીઓ ત્યાંથી જ 'હાઈબ્રિડ ગાંજા'નું વેચાણ પણ કરતા હતા. પોલીસે રૂ.૧૨.૧૯ લાખનો મુદામાલ, જેમાં લેપટોપ, વાહનો અને ગાંજો સામેલ છે, તે જપ્ત કર્યો છે. આરોપીઓ મોડી રાત્રે સક્રિય થતા હતા જેથી સોસાયટીના રહીશોને શંકા ન જાય. મુખ્ય આરોપી સામે અગાઉ પણ ૧૨ જેટલા ગુના નોંધાયેલા છે.

# ગુજરાત હાઈકોર્ટમાં સીજેઆઈ સુર્યકાંત અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અત્યાધુનિક આર્બિટ્રેશન સેન્ટરનું કર્યુ ખાતમુહૂર્ત

અમદાવાદ,તા.૨૮

અમદાવાદ સ્થિત ગુજરાત હાઈકોર્ટ ખાતે શનિવારે સુપ્રીમ કોર્ટના રિ-ડિઝાઈન કરેલી વેબસાઈટ અને ન્યૂઝલેટરનું પણ વિધિવત લોન્ચિંગ થયું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝન મુજબ ભારતને 'ગ્લોબલ




આર્બિટ્રેશન હબ' બનાવવા ગુજરાત કટિબદ્ધ છે. રાજ્ય સરકારે ન્યાયિક માળખા માટે બજેટમાં રૂ.૨૭૦૦ કરોડની ઐતિહાસિક જોગવાઈ કરી છે. આ સેન્ટર વિદેશી રોકાણકારો માટે વ્યાપારી વિવાદોના ઝડપી ઉકેલ લાવી 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'માં મહત્વની ભૂમિકા ભજવશે. જસ્ટિસ સૂર્યકાંતે ભારપૂર્વક જણાવ્યું કે, અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર એ સંસ્થાની વિશ્વસનીયતાનું પ્રતીક છે, જે આંતરરાષ્ટ્રીય સ્તરે નિષ્પક્ષ ન્યાયનો વિશ્વાસ જગાડે છે. આ કાર્યક્રમની સાથે 'સંસ્થાકીય આર્બિટ્રેશનના પડકારો' વિષય પર બે દિવસીય કોન્ફરન્સનો પણ પ્રારંભ થયો છે. આ પ્રસંગે જસ્ટિસ અરવિંદ કુમાર, હર્ષ સંઘવી અને ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરની શાક માર્કેટમાં રિક્ષામાંથી મહિલાનો મૃતદેહ મળતા ચકચાર

જામનગર, તા.૨૮

જામનગરની મુખ્ય શાક માર્કેટમાં ઉભેલી એક રિક્ષામાંથી અજાણી મહિલાનો મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં સનસનાટી મચી ગઈ છે. ઘટનાની જાણ થતા જ 'એ' ડિવિઝન પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને ભીડને વિખેરી તપાસ શરૂ કરી હતી. પોલીસે મૃતદેહને પંચનામા બાદ પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યો છે. મહિલાની ઓળખ હજુ સુધી થઈ શકી નથી, તેથી પોલીસ સ્થાનિક ગુમ થયેલ મહિલાઓની



યાદી તપાસી રહી છે. આ ઉપરાંત, રિક્ષાના નંબરના આધારે RTO પાસેથી માલિકની વિગતો મંગાવવામાં આવી છે. પોલીસ આસપાસના સીસીટીવી ફૂટેજ પણ ચકાસી રહી છે જેથી જાણી શકાય કે રિક્ષા ત્યાં ક્યારે આવી અને મહિલાનું મૃત્યુ કઈ રીતે થયું.

# વડતાલ સ્વામિનારાયણ મંદિરના પાર્ષદ નશાની હાલતમાં ઝડપાતા ખળભળાટ

ધોરાજી,તા.૨૮

ધોરાજી તાલુકાના પાટણવાવ પોલીસ સ્ટેશન દ્વારા રાત્રિ પેટ્રોલિંગ દરમિયાન નાની મારડ ગામના બસ સ્ટેન્ડ નજીક એક શંકાસ્પદ બલેનો કારને અટકાવવામાં આવી હતી. કારચાલક સર્પાકાર રીતે ગાડી ચલાવતો હોવાથી પોલીસે તપાસ કરતા ચાલક નશામાં ધ્રુત હાલતમાં મળી



આવ્યો હતો. પૂછપરછમાં તેની ઓળખ વડતાલ સ્વામિનારાયણ મંદિરના પાર્ષદ મયુર ભગત ઉર્ફે પરેશભાઈ ત્રિવેદી તરીકે થઈ હતી. પોલીસ તપાસમાં કારમાંથી વિદેશી દારૂની એક સીલબંધ બોટલ અને એક ખાલી બોટલ મળી આવી હતી. આરોપીની આંખો લાલ હતી અને મોઢામાંથી દારૂની તીવ્ર વાસ આવતી હોવાથી તેની પાસે પાસ કે પરમિટની માંગણી કરાઈ હતી, જે તેની પાસે ઉપલબ્ધ નહોતી. પોલીસે ૨ લાખની કાર, ૪૫ હજારના બે મોબાઈલ ફોન અને દારૂ સહિત કુલ ૪૫,૬૭૩ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પાટણવાવ પોલીસે આરોપી વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ અને એમ.વી. એક્ટની કલમ ૧૮૫ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ધાર્મિક સંપ્રદાય સાથે જોડાયેલી વ્યક્તિ આ પ્રકારે ઝડપાતા પંથકમાં ચકચાર મચી ગઈ છે.

# બોલિવિયાના અલ આલ્ટો શહેરમાં વાયુસેનાનું કરન્સી ભરેલુ પ્લેન ક્રેશ: ૧૫ના મોત

અલ આલ્ટો,તા.૨૮

બોલિવિયાના અલ આલ્ટો શહેરમાં શનિવારે સવારે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો, જેમાં વાયુસેનાનું હર્ક્યુલસ વિમાન ક્રેશ થતા ૧૫ લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે અને ૩૦ થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ વિમાન દેશની સેન્ટ્રલ બેંકની નવી કરન્સી નોટો લઈને જઈ રહ્યું



હતું ત્યારે ખરાબ હવામાનના કારણે લેન્ડિંગ વખતે રનવે પરથી લપસીને નજીકના વ્યસ્ત માર્ગ પર ખાબક્યું હતું. આ અકસ્માત એટલો ભયાનક હતો કે રસ્તા પર ઉભેલી અનેક ગાડીઓ પ્લેનની ઝપેટમાં આવીને કચ્ચરઘાણ વળી ગઈ હતી. ઘટનાસ્થળે વિમાનનો કાટમાળ, ક્ષતિગ્રસ્ત કારો અને મૃતદેહોની સાથે સાથે બેંકની નોટો પણ ચારેતરફ વિખરાયેલી જોવા મળી હતી, જેને લેવા માટે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. સ્થિતિ પર કાબૂ મેળવવા માટે વહીવટીતંત્રે ટિયરગેસ અને પાણીના ફુવારાનો ઉપયોગ કરવો પડ્યો હતો.

# ચલાલા ખાતે શ્રી હનુમાનજી મંદિરનો પાટોત્સવ અને સન્માન સમારોહ

ચલાલા,તા.૨૮

ચલાલામાં શ્રી મોગલમા માનવ સેવા ટ્રસ્ટ, ચલાલા-સુરત દ્વારા ભવ્ય ધાર્મિક અને સામાજિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સાઈ મંદિરના પવિત્ર સાનિધ્યમાં શ્રી હનુમાનજી મંદિરનો પાવન પાટોત્સવ મહોત્સવ ધામધૂમથી ઉજવાશે. આજ રોજ રવિવાર, તા. ૧ માર્ચ ૨૦૨૬ના સાંજે ૬:૦૦ વાગ્યે યોજાનારા



કાર્યક્રમમાં હનુમાન ચાલીસાના પાઠ અને મહાપ્રસાદનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે અમરેલી જિલ્લા ભાજપના નવનિયુક્ત ઉપાધ્યક્ષ શ્રીમતી ગીતાબેન પ્રકાશભાઈ કારીયા તેમજ જિલ્લા બક્ષીપંચ મોરચાના મહામંત્રી વનરાજભાઈ રાવતભાઈ વાળાનું સન્માન પણ કરવામાં આવશે. ટ્રસ્ટ દ્વારા 'આઈ મોગલ સંદેશ' માધ્યમથી ભક્તજનો, રાજકીય તથા સામાજિક અગ્રણીઓ અને ગ્રામજનોને ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારવા હાર્દિક આમંત્રણ પાઠવાયું છે.

# રાજુલા ખાતે સી.આર. પાટીલની ઉપસ્થિતીમાં જળસંમેલન યોજાયુ

અમરેલી,તા.૨૮

અમરેલી જિલ્લાના રાજુલા માર્કેટિંગ યાર્ડ ખાતે 'જળ સંમેલન' યોજાયું હતું. આ કાર્યક્રમ ગીરગંગા પરિવાર ટ્રસ્ટ-રાજકોટ અને રાજુલા તાલુકા કૃષિ સેવા સહકારી મંડળીના સંયુક્ત ઉપક્રમે આયોજિત કરાયો હતો. કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ આ કાર્યક્રમમાં ઉપસ્થિતિ રહ્યા હતા. આ કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેર પણ ઉપસ્થિત રહ્યા






હતા. ત્યારે સીઆર પાટીલે જાહેર મંચ પર અંબરીશ ડેરને લઈ ફરી રૂમાલને યાદ કર્યો હતો. સીઆર પાટીલે જાહેરમંચ પરથી જણાવ્યું કે, મેં બેથી ત્રણ મિટિંગમાં અંબરીશભાઈને કહ્યું હતું કે, તમારી સીટ પર રૂમાલ મુકેલો છે ઉઠાવી લેજો. ઘણા ચાલુ બસમાં ચડી જતા હોય છે, ઘણા લોકો ઉભેલી બસ પણ ચુકી જતા હોય છે અને અંબરીશભાઈને સામેથી કહ્યું હતું તો પણ નહીં. અંબરીશભાઈને લાવવામાં હીરાભાઈ સોલંકીની સહમતી હતી, તેઓએ ખેલદિલીથી કહ્યું હતું કે, હા એમને લઈ આવો અમે એમની સાથે રહી લડવા માટે તૈયાર છીએ. આવું કીધું હતું. આ સંમેલનમાં ઊર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરીયા, ભરત સુતરિયા, ધારાસભ્ય હીરા સોલંકી, મહેશ કસવાલા, જે.વી. કાકડિયા સહિતના અગ્રણીઓ પણ ઉપસ્થિતી રહ્યા હતા.

# ધોરાજીનો સરદાર ચોક-જેતપુર રોડ બિસ્માર, મસમોટા ખાડાઓને કારણે વાહનચાલકો પરેશાન

ધોરાજી,તા.૨૮

ધોરાજી શહેરના નાગરિકો માટે રોડ-રસ્તાની સમસ્યા જાણે પીછો છોડતી ન હોય તેમ એક તરફ રસ્તાનું કામ ચાલે ત્યાં બીજી તરફ રસ્તો તૂટે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. ભૂતકાળમાં વર્ષો સુધી ખરાબ રસ્તાઓને કારણે ધોરાજી 'ધૂળિયુ ધોરાજી' તરીકે પંકાવા લાગ્યું હતું, ત્યારે ફરી એકવાર શહેરના મુખ્ય માર્ગની બિસ્માર હાલતને લઈ લોકોમાં રોષ



તસવીર : નયન ફુહાડીયા

જોવા મળી રહ્યો છે. હાલમાં ધોરાજીના ઉપલેટા રોડ અને જમના રોડ પર રસ્તાનું કામ પ્રગતિમાં છે, પરંતુ બીજી તરફ શહેરના હાર્દ સમાન સરદાર ચોકથી લઈ બસ સ્ટેશન તરફ જતો જેતપુર રોડ અત્યંત બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો છે. આ રસ્તા પર ઠેર-ઠેર મસમોટા ખાડાઓ પડી ગયા છે, જેને કારણે વાહનચાલકોને પસાર થવામાં ભારે હાલાકી ભોગવવી પડી રહી છે અને સતત અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, માર્ગ અને મકાન વિભાગ હસ્તકનો આ રસ્તો લાંબા સમયથી ખરાબ હોવા છતાં તેનું સમારકામ કરવામાં આવતું નથી. તંત્ર દ્વારા વહેલી તકે આ સમસ્યાનો ઉકેલ લાવવામાં આવે અને જેતપુર રોડનું રિપેરિંગ કામ હાથ ધરવામાં આવે તેવી માંગ પ્રબળ બની છે.

# ગોંડલ યાર્ડમાં હોળી પહેલા ધાણાની સીઝનની રેકોર્ડબ્રેક ૧.૫૦ લાખ ગુણી આવક

ગોંડલ,તા.૨૮

સૌરાષ્ટ્રનું અગ્રીમ અને ધાણાનું હબ ગણાતા ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ધાણાની સીઝનની રેકોર્ડબ્રેક આવક નોંધાઈ છે. અંદાજે ૧.૫૦ લાખ ગુણી ધાણાની આવક નોંધાતા યાર્ડ ધાણાથી ઊભરાયું હતું. આગામી દિવસોમાં હોળી-ધુળેટીનો પર્વ આવતો હોય મોટી સંખ્યામાં ખેડૂતો પોતાની જણસી લઈને યાર્ડ ખાતે આવ્યા હતા. યાર્ડ દ્વારા નવી ખરીદ કરેલ



તસવીર : ભોજાણી દેવાંગ

જમીન ઉપરાંત યાર્ડના બે છાપરા નીચે ધાણા ઉતારવામાં આવ્યા હતા. મેદાનમાં જગ્યા ટૂંકી પડી હતી અને લોકોની દુકાન બહાર ધાણા ઉતારવાની ફરજ પડી હતી.માર્કેટિંગ યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયાએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્રભરમાંથી ખેડૂતો પોતાનો માલ વેચવા ગોંડલ યાર્ડમાં આવે છે. યાર્ડ દ્વારા ધાણાની આવકની જાહેરાત કરવામાં આવતા સૌરાષ્ટ્રભરના ખેડૂતો ગુરુવારે સવારથી યાર્ડની બહાર લાંબી કતાર લગાવી દેવામાં આવી હતી. હરરાજીમાં ખેડૂતોને ધાણા ૨૦ કિલોના ભાવ રૂપિયા ૧૧૫૧/- થી ૨૩૦૧/- સુધીના બોલાયા હતા. તેમજ ધાણીના ભાવ રૂપિયા ૧૨૫૧/- થી ૩૬૦૦ સુધીના બોલાયા હતા. હરરાજીમાં દરરોજની ૩૫થી ૪૦ હજાર ગુણીનો નિકાલ થાય છે. સારા ભાવ મળતા ખેડૂતોમાં પણ ખુશી જોવા મળી હતી.




## સેમિકન્ડક્ટર ચિપ હવે ગુજરાતથી વિદેશ સુધી પહોંચશે

# સાણંદમાં રોડ શો બાદ ATMP પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી

સાણંદ,તા.૨૮



ભારતને વૈશ્વિક સેમિકન્ડક્ટર હબ બનાવવાની દિશામાં આજે ૨૮મી ફેબ્રુઆરીનો દિવસ સુવર્ણ અક્ષરે લખાયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના ગુજરાત પ્રવાસ દરમિયાન અમદાવાદ નજીક સાણંદ GIDC ખાતે એક ભવ્ય રોડ શો બાદ માઈક્રોન ટેક્નોલોજીના અત્યાધુનિક એસેમ્બ્લી, ટેસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ એટલે કે ATMP પ્લાન્ટનું વિધિવત ઉદ્ઘાટન કર્યું હતું. આ સાથે જ ભારત હવે હાઈ-ટેક મેન્યુફેક્ચરિંગના નકશા પર એક મજબૂત ખેલાડી તરીકે ઉભરી આવ્યું છે. આ સુવિધાના પ્રારંભની સૌથી મોટી વિશેષતા એ છે કે હવે દેશની પ્રથમ 'મેડ ઈન ઈન્ડિયા' સેમિકન્ડક્ટર ચિપ ગુજરાતની પવિત્ર ધરા પરથી વિશ્વના બજારોમાં પહોંચશે. પ્લાન્ટના ઉદ્ઘાટન બાદ જનસભાને સંબોધતા વડાપ્રધાન મોદીએ સેમિકન્ડક્ટરના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે તાજેતરમાં સંપન્ન થયેલી 'ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬'નો ઉલ્લેખ કરતા જણાવ્યું કે વિશ્વ હવે ભારતની વધતી જતી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષમતાને સ્વીકારી રહ્યું છે. વડાપ્રધાને બહુ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે આ નવો પ્લાન્ટ માત્ર ઈંટો અને સિમેન્ટથી બનેલી ફેક્ટરી નથી, પરંતુ ગ્લોબલ ટેકનોલોજી લીડર બનવા તરફની ભારતની અટલ પ્રતિબદ્ધતાનું એક જીવંત પ્રતીક છે.તેમણે ભૂતકાળ અને વર્તમાનની સરખામણી કરતા ઉમેર્યું કે ૨૦મી સદી ઔદ્યોગિક ક્રાંતિની સદી હતી, જેમાં મશીનો અને માસ પ્રોડક્શન પર પકડ ધરાવતા દેશોએ પ્રગતિ કરી હતી. જોકે ૨૧મી સદી સંપૂર્ણપણે AI ક્રાંતિની સદી છે અને આ પરિવર્તનને સફળ બનાવવા માટે સેમિકન્ડક્ટર એ સૌથી મહત્વનો સેતુ છે. એક સમય એવો હતો જ્યારે ભારતમાં ટેકનોલોજી એટલે માત્ર આઈટી સર્વિસીસ માનવામાં આવતી હતી અને ડેટા કે ચિપની વાતો ખૂબ જ મર્યાદિત રહેતી હતી. પરંતુ છેલ્લા એક દાયકાના પ્રયાસોને પરિણામે આજે સોફ્ટવેર ક્ષેત્રે ડંકો વગાડનાર ભારત હાર્ડવેર ઉત્પાદનમાં પણ પોતાની મજબૂત ઓળખ સ્થાપિત કરી રહ્યું છે.માઈક્રોન સેમિકન્ડક્ટર ટેક્નોલોજી ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા સાણંદમાં અંદાજે રૂ.૨૨,૫૧૬ કરોડનું જંગી રોકાણ કરવામાં આવ્યું છે. આ આંકડો ભારતીય ટેકનોલોજી ક્ષેત્રમાં થયેલા અત્યાર સુધીના સૌથી મોટા રોકાણોમાંનો એક છે. આ પ્લાન્ટમાં અત્યાધુનિક સોલિડ સ્ટેટ ડ્રાઈવ (SSD) જેવા સ્ટોરેજ ઉપકરણો તેમજ DRAM અને NAND પ્રકારની હાઈ-સ્પીડ મેમરી ચિપ્સનું ઉત્પાદન કરવામાં આવશે. આ ઉત્પાદનો સ્માર્ટફોનથી લઈને ડેટા સેન્ટર્સ અને લેપટોપ સુધીના તમામ ઈલેક્ટ્રોનિક ઉપકરણો માટે કરોડરજ્જુ સમાન છે.આ પ્રોજેક્ટ માત્ર ટેકનોલોજી પુરતો મર્યાદિત નથી પરંતુ તે સામાજિક ઉત્થાનનું માધ્યમ પણ બન્યો છે. હાલમાં આ પ્લાન્ટમાં ૨૦૦૦ લોકોની કુશળ ટીમ કાર્યરત છે, જેને આગામી સમયમાં વધારીને ૫૦૦૦ સુધી લઈ જવાની યોજના છે. આ પ્રોજેક્ટની સૌથી પ્રેરણાદાયી બાબત એ છે કે માઈક્રોને દિવ્યાંગ નાગરિકોને પણ ઓપરેટર અને ટેક્નિશિયન તરીકે મુખ્ય પ્રવાહમાં જોડીને રોજગારી પૂરી પાડી છે.

વડાપ્રધાને તેમના વક્તવ્યમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે સાણંદમાં આજે નવા ભવિષ્યનો ઉદય થયો છે. માઈક્રોનની આ ફેસિલિટીમાં કોમર્શિયલ પ્રોડક્શન શરૂ થવાથી ગ્લોબલ ટેકનોલોજી વેલ્યુ ચેનમાં ભારતની ભૂમિકા નિર્ણાયક બનશે. અગાઉ ભારત જે ચિપ્સ માટે અન્ય દેશો પર નિર્ભર રહેતું હતું, હવે તે પોતે ઉત્પાદક બનીને વિશ્વને પુરવઠો પૂરો પાડવા સજ્જ થયું છે. ભારત હવે ઝડપથી વૈશ્વિક સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમનો એક અવિભાજ્ય હિસ્સો બની રહ્યું છે, જે દેશની આર્થિક સુરક્ષા અને આત્મનિર્ભરતા માટે અત્યંત આવશ્યક છે.

